
સપ્ટેમ્બર ૨૦૨૪

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦



દેહમાં આત્માનું સ્થાન ક્યાં છે ?

આત્મા સાકારી કે નિરાકારી ?

આત્મા વસ્તુ હશે કે અવસ્તુ ?

આત્માનું સ્વરૂપ કેવું દેખાય ?

આત્મા વિનાશી કે અવિનાશી ?

આત્માની ઉત્પત્તિનું કારણ શું ?

આત્મા ક્યાંથી આવ્યો હશે ?

આત્મા કોણે બનાવ્યો ?

આત્મા કેવો હશે ?

આત્મા એટલે શું ?

આત્મા એટલે 'સેલ્ફ' ! 'પોતે કોણ છે' એ જાણવું, એનું નામ આત્મા !અને એ આત્મા ઓળખવાનો છે.
'રોંગ બીલિફ' ઊડી જાય અને 'રાઈટ બીલિફ' બેસે ત્યારે રાગે પડે, નહિ તો શી રીતે રાગે પડે ?

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈનો અમેરિકા - કેનેડા સત્સંગ પ્રવાસ

### ટોરેન્ટો : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૦ થી ૧૪ જુલાઈ ૨૦૨૪




### શિકાગો : ગુરુપૂર્ણિમા મહોત્સવ : તા.૧૬ થી ૨૨ જુલાઈ ૨૦૨૪



વર્ષ : ૩૦, અંક : ૧
સળંગ અંક : ૩૪૯
**સપ્ટેમ્બર ૨૦૨૪**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2024
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## આત્મા શું છે ? કેવો છે ? ક્યાં છે ?

### સંપાદકીય

આ બ્રહ્માંડની સૂક્ષ્મતમ ને ગુહ્યતમ વસ્તુ કે જે પોતાનું સ્વરૂપ જ છે, 'પોતે' જ 'જે' છે, 'તે' નહીં સમજાવાથી 'આત્મા આવો હશે, તેવો હશે, પ્રકાશ સ્વરૂપ હશે, એ પ્રકાશ કેવો હશે' એવા આત્મા સંબંધી અસંખ્ય પ્રશ્નો જિજ્ઞાસુ-મુમુક્ષુઓને ઊઠતા જ હોય છે. અનાદિથી આત્મા સંબંધી જે ભ્રાંત માન્યતાઓ પડી છે, તેમાંથી બહાર નીકળવા જિજ્ઞાસુ-આત્માર્થીને પોતાની જ ભાષામાં આત્મા સંબંધી સ્પષ્ટતા થાય અને સાથે સાથે આત્માના સ્વરૂપને તથારૂપ દૃષ્ટિમાં લાવવા અક્રમ વિજ્ઞાની દાદા ભગવાને (દાદાશ્રીએ) ઉદ્‌બોધેલ જ્ઞાન પ્રકાશથી જ પ્રાપ્ત થાય તેમ છે.

જગતમાં આત્માના અસ્તિત્વની પડેલી આશંકાથી માંડીને, આત્મા ક્યાંથી આવ્યો હશે ? આત્મા કોણે બનાવ્યો ? આત્માની ઉત્પત્તિનું કારણ શું ? આત્મા એટલે શું ? કેવો હશે ? આત્મા વસ્તુ હશે કે અવસ્તુ ? આત્માનું સ્વરૂપ કેવું દેખાય ? આત્મા સાકારી કે નિરાકારી ? આત્મા વિનાશી કે અવિનાશી ? દેહમાં આત્માનું સ્થાન ક્યાં છે ? ભાજન પ્રમાણે આત્માનો સંકોચ-વિકાસ ? નિશ્ચય આત્મા અને વ્યવહાર આત્માના ભેદ વગેરે ઉપર દાદાશ્રીની વાણીમાંથી બેઝિક સત્સંગ પ્રસ્તુત અંકમાં સંકલિત થયો છે.

આત્માના અસ્તિત્વની ખાતરી કરાવતા દાદાશ્રી કહે છે કે જેમ સુગંધ અત્તરના અસ્તિત્વને ઉઘાડું કરી દે છે, તેમ આત્મા અરૂપી હોવા છતાં તેના સ્વભાવ પરથી પરખાય. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ, અનંત સુખ એવું સ્વરૂપ એ આત્માનું છે. પોતાના સ્વરૂપનું પોતાને ભાન થાય, પછી જ એ સર્વ ગુણો જ્ઞાનજાગૃતિથી નિરાવરણ થાય !

જ્યારે સ્થૂળ દેહથી આત્મા છૂટે ત્યારે આત્માની સાથે સૂક્ષ્મ દેહ, કારણ દેહ જોડે જાય છે અને કારણ દેહના આધારે બીજું શરીર પ્રાપ્ત થાય છે. અનંતી જન્મ-મરણની અવસ્થાઓમાં પણ અજન્મા-અમર એવો આત્મા કાયમનો શુદ્ધ જ છે ! તો એને આ બધા કર્મ કેવી રીતે લાગ્યા હશે ? પુદ્‌ગલ સાથે પોતાને ભવોભવના સથવારા કેમ કરવા પડ્યા ? હકીકતમાં આત્મા તો શુદ્ધ જ છે, ફક્ત આપણી 'બિલીફ' 'રોંગ' બેઠેલી છે. એ 'રોંગ બિલીફ' ગઈ કે થઈ ગયો પોતે સંપૂર્ણ સ્વતંત્ર ! બાકી નથી પુદ્‌ગલ આત્માને ચોંટ્યું કે નથી આત્મા પુદ્‌ગલને ચોંટ્યો !

આ દુનિયામાં જાણવા જેવી કોઈ ચીજ હોય તો તે આત્મા છે. સામાન્ય રીતે પોતાની મેળે આત્મા કોઈ જાણી શકે નહીં. એને જાણનારા માણસો દુનિયામાં ભાગ્યે જ કોક હોય, 'જ્ઞાની પુરુષે' આત્મા જોયેલો-જાણેલો ને અનુભવેલો હોય અને 'પોતે' 'આત્મા' સ્વરૂપે જ રહેતા હોય. એટલે એવા 'જ્ઞાની પુરુષ' પાસેથી તમામ મુમુક્ષુઓ 'આત્મા' જાણી એમની આજ્ઞા પ્રમાણે ચાલી મોક્ષમાર્ગે પ્રગતિ સાધે એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# આત્મા શું છે ? કેવો છે ? ક્યાં છે ?

## આત્માના અસ્તિત્વની આશંકા કોને ?

**પ્રશ્નકર્તા :** આત્મા હશે કે નહીં, એ શંકા ઉત્પન્ન થાય એવું છે.

**દાદાશ્રી :** આત્મા છે જ.

**પ્રશ્નકર્તા :** આ બધા ફોરેનના સાયન્ટિસ્ટોએ બધી શોધખોળ કરી છે કે કાચની પેટીમાં મરતા માણસને રાખીને જીવ કેવી રીતના જાય, ક્યાંથી જાય છે, એ બધી તપાસ કરવા માટે બહુ પ્રયત્નો કર્યા, પણ 'આત્મા છે કે નહીં' એવું કશું લાગ્યું નહીં. 'જીવ છે જ નહીં' એવું પુરવાર કર્યું.

**દાદાશ્રી :** ના, પણ 'આ અજીવ છે' એવું કહે છે ? આ પેટી અજીવ છે કે નહીં ? અજીવ જ છે ને ? તો આ માણસ અને આ પેટી બધુંય સરખું ?

**પ્રશ્નકર્તા :** ના, એવું નથી. પણ જીવ જેવી કોઈ વસ્તુ જતી નથી, એવું કહેવા માંગે છે.

**દાદાશ્રી :** એ સાયન્ટિસ્ટો (વૈજ્ઞાનિકો) 'માણસ' બનાવે છે, નવા હૃદય બનાવે છે, બધું બનાવે છે ને ? એટલે નવો માણસ બનાવે તો આપણા જેવો વ્યવહાર કરી શકે એ ?

**પ્રશ્નકર્તા :** નહીં કરી શકે.

**દાદાશ્રી :** તો પછી શા આધારે એ સમજે છે કે જીવ જેવું કશું છે નહીં ?

**પ્રશ્નકર્તા :** એ લોકોએ તો કાચની પેટીમાં મરતા માણસને મૂકેલો પણ જીવ નીકળતી વખતે કશું દેખાયું નહીં એટલે માની લીધું કે જીવ નથી.

**દાદાશ્રી :** એવું છે ને, કાં તો અણસમજવાળો ના કહે, કાં તો સમજણવાળો ના કહે. પણ એથી કરીને બધા લોકોને શંકા ઉત્પન્ન થાય નહીં ને ! અને જે શંકા કરે છે ને, કે જીવ જેવી વસ્તુ નથી, એમ જે કહે છે ને, એ જ પોતે જીવ છે. જેને શંકા પડે છે ને, તે જ જીવ છે, નહીં તો શંકા પડે નહીં. અને આ બીજી જડ વસ્તુઓ છે ને, એ કોઈને શંકા ના પડે. શંકા જો કોઈને પડતી હોય તો એ જીવને જ પડે, બીજી કોઈ ચીજ એવી નથી કે જેને શંકા પડે. તમને સમજાય છે એવું ?

મરી ગયા પછી એને પોતાને શંકા પડે ? ના, તો શું ચાલ્યું જતું હશે ? હૃદય બંધ પડી જતું હશે ? શું થતું હશે ?

**પ્રશ્નકર્તા :** હૃદય બંધ પડે એટલે જ માણસ મરી જાય છે.

**દાદાશ્રી :** હા, એ તો માણસ મરી જ જાય. શ્વાસના આધારે જ આ જીવે છે. આ જીવ જે અંદર છે ને, એ શ્વાસના આધારે જ રહ્યો છે. જ્યાં સુધી શ્વાસ ચાલ્યા કરે ત્યાં સુધી એ રહે.

**પ્રશ્નકર્તા :** પણ શરીરના મહત્ત્વના અવયવો કામ કરતા બંધ થઈ જાય ત્યારે માણસ અવસાન પામે છે. જો આમ જ હોય તો જીવ જેવી વસ્તુ જ ના રહી.

**દાદાશ્રી :** જીવ જેવી વસ્તુ છે જ. એ પોતે જ જીવ છે, છતાં પોતે પોતાની પર શંકા કરે છે. આ જેને શંકા પડે છે ને, તે જ જીવ છે. આ દેહમાં જીવ નથી એવી જે શંકા કરે છે, તે જ જીવ છે. પોતાના મોઢામાં જીભ ના હોય અને પોતે બોલે કે 'મારા મોઢામાં જીભ નથી.' એ જ પુરવાર કરે છે કે જીભ છે જ મહીં. એટલે આ શંકા છે. એ વાક્ય જ વિરોધાભાસ છે. લોકો કહે છે, 'માણસ અવસાન પામે છે ત્યારે એમાં જીવ જેવી કોઈ વસ્તુ નથી.' એ શબ્દ પોતે જ શંકા ઊભી કરે છે, એને શંકા થઈ છે. એ શંકા જ પુરવાર કરે છે કે જીવ છે ત્યાં.

હું સાયન્ટિસ્ટો પાસે બેસું ને, તો એમને બધાને તરત સમજાવી દઉં કે આ જીવ બોલી રહ્યો છે. તું વળી, તારી નવી શંકા ઊભી કરે છે ? એટલે જીવ તો દેહધારીમાં છે જ.

## સનાતન વસ્તુને આવન-જાવન શાં ?

**પ્રશ્નકર્તા :** બધા જીવો કે જે આત્મા છે, એ આત્મા આ જગતમાં ક્યાંથી આવ્યા હશે ?

**દાદાશ્રી :** કોઈ આવ્યું નથી. આ જગત જ આખું છ તત્ત્વોનું પ્રદર્શન છે. એ છ તત્ત્વો છે, તે બધા થઈને આ જગત બનેલું છે તે દેખાય છે. ખાલી 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' (વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવાઓ) છે ! એટલે કોઈએ આ બનાવ્યું નથી, કોઈને કંઈ કરવું પડ્યું નથી. આની આદિ નથી, આનો અંત નથી. આ 'જેમ છે તેમ' કહી દીધું કે જગત અનાદિ અનંત છે. ફક્ત એક દૃષ્ટિફેરથી જગત દેખાય છે અને બીજી દૃષ્ટિફેરથી મોક્ષ દેખાય છે. આખો દૃષ્ટિફેર જ છે ફક્ત, બીજું કશું છે નહીં.

જે 'આવે' એ સનાતન ના હોય અને આત્મા એ સનાતન વસ્તુ છે, તો પછી એને 'આવ્યા, ગયા' ના હોય. આવે એ તો જાય, આત્મા એવો નથી.

## સનાતનની શરૂઆત તે શી ?

**પ્રશ્નકર્તા :** આત્માને કોણે બનાવ્યો ?

**દાદાશ્રી :** એને કોઈએ બનાવ્યો નથી. બનાવ્યો હોય ને, તો તેનો નાશ થાય. આત્મા એ નિરંતર રહેનારી વસ્તુ છે, એ સનાતન તત્ત્વ છે. એનું 'બિગિનિંગ' (શરૂઆત) થયું જ નથી. એનો કોઈ બનાવનાર નથી. બનાવનાર હોય તો તો બનાવનારનોય નાશ થાય અને બનનારનોય નાશ થાય.

**પ્રશ્નકર્તા :** આત્મા જેવી વસ્તુ શા માટે ઉત્પન્ન થઈ છે ? આત્માની ઉત્પત્તિનું કારણ શું ?

**દાદાશ્રી :** એવું છે ને, આત્મા એનું નામ કહેવાય કે જે ઉત્પન્ન જ ના થાય, વિનાશ ના થાય. એ પરમેનન્ટ (કાયમ) હોય. પરમેનન્ટની ઉત્પત્તિ ના હોય, એવું તને સમજાય કે ના સમજાય ? આ ટેમ્પરરી (હંગામી) વસ્તુ છે તો એની ઉત્પત્તિ હોય, પણ પરમેનન્ટ વસ્તુની ઉત્પત્તિ હોય ખરી ? એટલે આત્મા અંદર જે છે એ પરમેનન્ટ છે. આપણા લોક કહે છે ને કે દેહ મરી જાય ત્યારે આત્મા નીકળી ગયો. એ નીકળી જઈને પાછું બીજું ખોળિયું પ્રાપ્ત થાય છે. પણ ખોળિયા બદલાયા કરે છે ને પોતે પરમેનન્ટ હોય છે. એટલે આત્માની ઉત્પત્તિનું કારણ જ નથી રહ્યું. ઉત્પન્ન થાય ક્યારે કે વિનાશી હોય ત્યારે. આત્મા તો અવિનાશી છે, નિત્ય છે.

આ જગતમાં છ અનાદિ તત્ત્વો છે; કાળ, આકાશ, ગતિસહાયક, સ્થિતિસહાયક, જડ અને આ આત્મા. આ છ તત્ત્વો સનાતન તત્ત્વો છે. એ છએ તત્ત્વો જ હકીકતમાં કાયમના માટે, પરમેનન્ટ, નિત્ય છે. જે વસ્તુ નિત્ય છે એ બીજી વસ્તુઓની બનાવટથી ના હોય, સ્વાભાવિક હોય. તે તત્ત્વો નિરંતર પરિવર્તન થયા જ કરે છે ને પરિવર્તનને લઈને આ અવસ્થાઓ બધી દેખાય છે. અવસ્થાઓને લોક જાણે છે, કે 'આ મારું સ્વરૂપ છે.' એ અવસ્થાઓ વિનાશી છે અને તત્ત્વ અવિનાશી છે. એટલે આત્માને ઉત્પન્ન થવાનું હોતું જ નથી.

## આત્મા એટલે શું ?

**પ્રશ્નકર્તા :** આત્મા એટલે શું ?

**દાદાશ્રી :** આત્મા એટલે ચેતન.

**પ્રશ્નકર્તા :** તો ચેતન એટલે આત્મા અને આત્મા એટલે ચેતન ?

**દાદાશ્રી :** ના, આત્મા તો ખાલી શબ્દ જ છે અને ચેતનેય ખાલી શબ્દ છે, પણ આ લોકોને

ઓળખવા માટે કહેવું પડે. બાકી, એ શબ્દથી પર છે. પણ અંગુલિનિર્દેશ તો કરવો પડે ને ! નહીં તો ઓળખોય નહીં. શી રીતે ઓળખો ? એટલે આપણા લોકો કહે છે ને, કે તારા આત્માની તપાસ કર ! આત્મા એટલે 'સેલ્ફ' ! 'પોતે કોણ છે' એ જાણવું, એનું નામ આત્મા ! અને એ આત્મા ઓળખવાનો છે. 'રોંગ બિલીફ' (ઊંધી માન્યતા) ઊડી જાય અને 'રાઈટ બિલીફ' (સાચી માન્યતા) બેસે ત્યારે રાગે પડે, નહીં તો શી રીતે રાગે પડે ?

### આત્મા એ અવિનાશી વસ્તુ

આત્મા વસ્તુ હશે કે અવસ્તુ ?

**પ્રશ્નકર્તા :** અવસ્તુ.

**દાદાશ્રી :** આ દેખાય છે એ વસ્તુ છે કે અવસ્તુ ?

**પ્રશ્નકર્તા :** આત્માને તો જોઈ ન શકાય ને માટે અવસ્તુ, વસ્તુઓ તો જોઈ શકાય છે ને !

**દાદાશ્રી :** ના. એટલે વસ્તુ અને અવસ્તુ એ તમને સમજાવું. દરેક વસ્તુ, જે અવિનાશી હોય તેને વસ્તુ કહેવાય અને વિનાશી હોય તેને અવસ્તુ કહેવાય. આત્મા આત્મારૂપ જ છે. આત્મા વસ્તુરૂપે અનંત ગુણનું ધામ છે ! અને દરેક વસ્તુ પોતે દ્રવ્યરૂપે ગુણવાન સહિત અને અવસ્થા સહિત હોય. દ્રવ્ય-ગુણ-પર્યાય જેનામાં હોય એ 'વસ્તુ' કહેવાય. વસ્તુ એ અવિનાશી કહેવાય. આત્મા પણ પોતે વસ્તુ છે. એનું પોતાનું દ્રવ્ય છે, પોતાના ગુણ છે અને પોતાના પર્યાય છે. અને તે પર્યાય ઉત્પાત, વ્યય અને ધ્રુવ સાથે છે. અને આ આંખે જે દેખાય છે એ બધું અવસ્તુ છે, વિનાશી છે અને આત્મા અવિનાશી છે, વસ્તુ છે.

### આત્માનું સ્વરૂપ

**પ્રશ્નકર્તા :** એ આત્માનું સ્વરૂપ કેવું દેખાય ? તેજસ્વી દેખાય છે કે કંઈક આકૃતિ દેખાય છે ?

**દાદાશ્રી :** એ આકૃતિ નથી તેમ નિરાકૃતિ પણ નથી. આકૃતિ એ બધી માણસની કલ્પનાઓ છે, બુદ્ધિજન્ય વિષય છે. આત્મા એ તો આત્મા જ છે, પ્રકાશસ્વરૂપ છે. હા, જે પ્રકાશને સ્થળનીય જરૂર નથી, આધારનીય જરૂર નથી એવું પ્રકાશસ્વરૂપ આત્માનું છે. અને ડુંગરોનીય આરપાર જઈ શકે એવું છે, એવો એ આત્મા છે.

**પ્રશ્નકર્તા :** પણ આત્માને કોઈ આકાર સ્વરૂપે કલ્પવો હોય તો કેવો કલ્પવો ?

**દાદાશ્રી :** એનો આકાર કલ્પવાનો હોય જ નહીં, એના કરતાં સાકારી ભગવાનની જોડે બેસવું. સાકારી ભગવાન એ જ આત્માનું સ્વરૂપ ! જે દેહ સાથે આત્મજ્ઞાની છે, એ સાકારી ભગવાન કહેવાય. એ રીતે કલ્પવું, એમના આખા (દેહ)મંદિર સાથે દર્શન કરવા. બાકી, આત્માને આકાર છે નહીં. એનું નિરાકારી સ્વરૂપ 'જ્ઞાની પુરુષ' પાસે જાણવું પડે ! અને પછી એનું સ્વરૂપ આપણને ગેડમાં બેસી જાય, ફિટ થઈ જાય, એ પછી ભૂલાય નહીં !

એટલે આત્માને આકાર ના હોય, એ નિરાકારી વસ્તુ છે. છતાંય પણ સ્વભાવે આત્મા કેવો છે ? જે દેહમાં છે, એ દેહનો જે આકાર છે એના જેવા આકારનો છે. પણ ત્યાં આગળ સિદ્ધગતિમાં છેલ્લા દેહના આકારનો ૧/૩ ભાગ જેટલો આકાર ઘટી જાય છે. એટલે ૨/૩ ભાગના આકારે રહે છે. એટલે જે પાંચમા આરાનો દેહ હોય અને ત્રીજા આરાનો જે દેહ હોય, એનામાં બહુ ગજબનો ફેરફાર છે. એ ઊંચાઈ જુદી અને આ ઊંચાઈ જુદી. પણ જે ચરમદેહે કામ થયું તે દેહ પ્રમાણે જ ત્યાં સિદ્ધગતિમાં આકાર હોય છે પણ આત્મા નિરાકાર છે.

**પ્રશ્નકર્તા :** જેમ આપણે હવામાં હાથ ફેરવીએ ને કંઈ હાથમાં ના આવે, તેમ મોક્ષમાં ત્યાં જઈએ ને આમ હાથ ફેરવીએ તો આપણને કંઈ ભટકાય ખરું ?

**દાદાશ્રી :** ના. આમ હાથ ફેરવીએ તો કશુંય હાથમાં ના આવે. અરે, આ અગ્નિ લઈને આમ આત્માની મહીં ફેરવીએ તોય આત્મા દઝાય નહીં. આમ મહીં હાથ ફેરવીએ તોય આત્મા હાથને અડે નહીં, એવો આત્મા છે. એ આત્મામાં બરફ ફેરવીએ તોય ઠંડું ના થઈ જાય, એમાં તલવાર ફેરવો તો એ કપાય જ નહીં.

**પ્રશ્નકર્તા :** છતાં આકાર તો હોય ને ?

**દાદાશ્રી :** એ નિરાકારી આકાર છે, નિરંજન-નિરાકારી આકાર છે. એ તમારી કલ્પનામાં છે તેવો આકાર નથી. એનો 'સ્વભાવિક' આકાર છે.

## આત્મા દેહમાં ક્યાં નથી ?

**પ્રશ્નકર્તા :** આત્મા જે છે એનો એક્સ-રેમાં કે કોઈ સાધનમાં ફોટો પણ પડતો નથી.

**દાદાશ્રી :** હા, આત્મા તો બહુ સૂક્ષ્મ છે એટલે એ હાથમાં આવે નહીં ને ! કેમેરામાં ના આવે ને આંખે દેખાય નહીં; દૂરબીનથીય દેખાય નહીં, કશાથી દેખાય નહીં એવો આત્મા સૂક્ષ્મ વસ્તુ છે.

**પ્રશ્નકર્તા :** એટલે આશ્ચર્ય થાય કે આત્મા ક્યાં હશે ?

**દાદાશ્રી :** એ આત્માની આરપાર દેવતા ચાલ્યો જાય તોય એને દેવતા અડે નહીં, એટલો બધો આત્મા સૂક્ષ્મ છે.

**પ્રશ્નકર્તા :** પણ આ શરીરમાં આત્માનું સ્થાન કયું છે ?

**દાદાશ્રી :** એવું છે, આત્મા આ શરીરમાં કઈ જગ્યાએ નથી ? આ (વધેલા) માથાના વાળમાં આત્મા નથી અને આ નખ છે ને, જેટલા નખ કાપીએ છીએ ને, એ ભાગમાં આત્મા નથી. બીજે બધે જ આ શરીરમાં આત્મા છે. એટલે કયા સ્થાનમાં આત્મા છે એવું પૂછવાની જરૂર નથી, કયા સ્થાનમાં આત્મા નથી, એમ પૂછવાનું.

**પ્રશ્નકર્તા :** સામાન્ય રીતે આત્મા તો મગજમાં હોય ને ? અને આ જ્ઞાનતંતુઓને લીધે પેલી ટાંકણી ખોસીએ તો ખબર પડે ને ?

**દાદાશ્રી :** ના, આખા શરીરમાં આત્મા છે. મગજમાં તો મગજ હોય, એ તો મશીનરી છે અને એ તો આ બધી અંદરની ખબરો આપનાર સાધન છે. આત્મા તો આખા શરીરમાં જ રહેલો છે. અહીં પગે જરીક કાંટો વાગ્યો કે તરત ખબર પડી જાય ને ?

એટલે આ દેખાય છે ને, તે ફોટો જ આત્માનો છે. ફક્ત એની ઉપર પડળ ચઢી ગયા છે એટલું જ. બાકી, ફોટો એનો એ જ છે. આત્માનો ફોટો પછી એનો એ જ રહે છે.

એટલે આ શરીરમાં જ્યાં જ્યાં ટાંકણી અડાડીએ ને ખબર પડે છે ત્યાં આત્મા છે. રાત્રે હઉ જરા ટાંકણી અડાડે તો ખબર પડી જાય ને ? બાકી આ શરીરમાં જ્યાં જ્યાં ટાંકણી અડાડીએ ને દુઃખ થાય, એ જાણે છે તે આત્મા છે. નહીં તો આત્મા ચાલ્યો જાય પછી આપણે ટાંકણી માર માર કરીએ તોય પણ ચંદુભાઈ બોલે નહીં, કશુંય હલે-કરે નહીં.

**પ્રશ્નકર્તા :** આત્માને દુઃખ થાય છે એમ આપણે કહી શકીએ ?

**દાદાશ્રી :** આત્માને દુઃખ હોય નહીં. આ બરફ પર દેવતા નાખીએ તો બરફ દઝાય ખરો ?

**પ્રશ્નકર્તા :** વાળ કાપવાથી આપણને દર્દ થતું નથી, એટલે ત્યાં આત્મા નથી ?

**દાદાશ્રી :** નથી.

**પ્રશ્નકર્તા :** અને જ્યાં દર્દ થાય છે, ત્યાં આત્મા છે ?

**દાદાશ્રી :** હા, ત્યાં આત્મા છે.

**પ્રશ્નકર્તા :** તો સુખ-દુઃખની અસર થાય તો આત્મા સંસારી થઈ ગયો ?

**દાદાશ્રી :** ના, આત્મા સંસારી થતો નથી. આત્મા મૂળ સ્વરૂપે જ છે. તમારો માનેલો આત્મા સંસારી થઈ ગયો છે. જેને તમે આત્મા માનો છો એ સંસારી થઈ ગયો છે અને એ 'મિકેનિકલ' છે. એટલે પેટ્રોલ પૂરો તો ચાલે, નહીં તો બંધ થઈ જાય. આ નાક દબાવી રાખે ને, તો અરધો કલાક-કલાકમાં 'મશીન' બંધ પડી જાય. એટલે લોકો 'મિકેનિકલ' આત્માને આત્મા માને છે. મૂળ આત્માને જોયો નથી, મૂળ આત્માનો એક અક્ષરેય સાંભળ્યો નથી અને 'મિકેનિકલ' આત્માને જ સ્થિર કરે છે. પણ 'મિકેનિકલ' સ્થિર ના થાય કોઈ દહાડોય.

## ભાજન પ્રમાણે સંકોચ-વિકાસ પામે

**પ્રશ્નકર્તા :** આત્મા કપાઈ જાય ખરો ?

**દાદાશ્રી :** આત્મા કપાય નહીં, છેદાય નહીં, એને કશુંય ના થાય.

**પ્રશ્નકર્તા :** અહીંથી હાથ કપાઈ જાય તો પછી ?

**દાદાશ્રી :** આત્મા એટલો સંકોચાઈ જાય. આત્માનો સ્વભાવ સંકોચ અને વિકાસ છે, એ પણ આ સંસાર અવસ્થામાં. સિદ્ધ અવસ્થામાં એવું નથી. સંસાર અવસ્થામાં સંકોચ અને વિકાસ બેઉ થઈ શકે. આ કીડી હોય ને, તે એમાંય આત્મા આખો છે અને હાથીમાંય એક જ આખો આત્મા છે. પણ એ વિકાસ થયેલો છે. હાથ-પગ કાપે ને, ત્યારે આત્મા સંકોચાઈ જાય અને એ પણ અમુક ભાગ કપાઈ જાય ને, તો સંકોચાય, પછી ના સંકોચાય.

**પ્રશ્નકર્તા :** દેહને કાપી નાખે, છેદન કરે તોય આત્મા દેખાતો નથી.

**દાદાશ્રી :** આત્મા દેખાય એવો છે જ નહીં. પણ દેહને કાપી નાખે તો આત્મા નીકળી જાય છે ને ? માણસ મરી જાય છે ત્યારે કોણ નીકળી જાય છે ?

**પ્રશ્નકર્તા :** આત્મા નીકળી જાય છે.

**દાદાશ્રી :** હા, નીકળે છે છતાં એ દેખાય એવો નથી, પણ છે ખરો. એ પ્રકાશ છે, અજવાળારૂપે છે. આ અજવાળું જ છે બધું એનું. એ ના હોય તો પછી બધું ખલાસ થઈ ગયું. એ નીકળી જાય, એટલે પછી જોયેલું તમે ? નનામી જોયેલી ? એમાં અજવાળું હોય છે પછી ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તો એ આત્મા નીકળી ગયો છે. એટલે આત્મા તો પોતે જ્યોતિસ્વરૂપ છે.

## મૃત્યુ એટલે શું ? મૃત્યુ પછી શું ?

**પ્રશ્નકર્તા :** મૃત્યુ શું છે ?

**દાદાશ્રી :** મૃત્યુ તો એવું છે ને, આ ખમીસ સિવડાવ્યું એટલે ખમીસનો જન્મ થયો, ને જન્મ થયો એટલે મૃત્યુ થયા વગર રહે જ નહીં. કોઈ પણ વસ્તુ જન્મે તેનું મૃત્યુ અવશ્ય હોય. અને આત્મા અજન્મા-અમર છે, તેને મૃત્યુ જ નથી હોતું. એટલે જેટલી વસ્તુ જન્મે તેનું મૃત્યુ અવશ્ય હોય અને મૃત્યુ છે તો જન્મ પામશે. એટલે જન્મની સાથે મૃત્યુ જોઈન્ટ થયેલું (જોડાયેલું) છે. જન્મ હોય ત્યાં મૃત્યુ અવશ્ય હોય જ.

**પ્રશ્નકર્તા :** પણ મૃત્યુ એ વસ્તુસ્થિતિમાં શું છે ?

**દાદાશ્રી :** રાત્રે ઊંઘી જાવ છો ખરા, પછી 'ક્યાં જાવ છો ?' સવારમાં ક્યાંથી આવો છો તમે ?

**પ્રશ્નકર્તા :** એવું ખબર નથી.

**દાદાશ્રી :** એવી રીતે જન્મ-મરણ છે, વચલો કાળ ઊંઘે છે, પછી જન્મ્યા પછી પાછો

જાગે છે. મર્યા પછી તે જન્મતા સુધી વચલો કાળ ઊંઘે છે. 'પોતે' કાયમનો છે, એટલે જન્મ-મરણ પોતાને હોય જ નહીં ને ! આ જન્મ-મરણ એ તો અવસ્થાથી છે. માણસ એકનો એક હોય, પણ એને ત્રણ અવસ્થા હોય છે કે નથી હોતી ? બાળપણની બાળ અવસ્થા, પછી યુવાન અવસ્થા અને વૃદ્ધાવસ્થા નથી હોતી ? એ અવસ્થાઓ છે, પણ 'પોતે' તો એકનો એક જ છે ને ? એય અવસ્થા શરીરની છે. એવું જન્મ-મરણેય શરીરનું છે, આત્માનું જન્મ-મરણ નથી. તમારું 'પોતાનું', 'સેલ્ફ'નું જન્મ-મરણ નથી.

**પ્રશ્નકર્તા :** તો મૃત્યુ શા માટે આવે છે ?

**દાદાશ્રી :** એ તો એવું છે, આ જન્મ થાય છે, ત્યારે આ મન-વચન-કાયા એ ત્રણ બેટરીઓ છે, એ ગર્ભમાંથી ઈફેક્ટ આપતી છે. તે ઈફેક્ટ પૂરી થાય, એ બેટરીથી હિસાબ પૂરો થઈ જાય, ત્યાં સુધી એ બેટરી રહે. અને પછી એ ખલાસ થઈ જાય એને 'મૃત્યુ' કહે છે. પણ ત્યારે પાછી આવતા ભવને માટે મહીં નવી બેટરીઓ ચાર્જ થયા જ કરે છે અને જૂની બેટરીઓ ડિસ્ચાર્જ થાય છે. આમ ચાર્જ-ડિસ્ચાર્જ થયા જ કરે છે. કારણ કે 'એને' 'રોંગ બિલીફ' છે. એટલે કૉઝિઝ ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી 'રોંગ બિલીફ' છે ત્યાં સુધી રાગ-દ્વેષ છે ને કૉઝિઝ ઉત્પન્ન થાય છે. અને એ 'રોંગ બિલીફ' બદલાય ને 'રાઈટ બિલીફ' બેસે એટલે રાગ-દ્વેષ ને કૉઝિઝ ઉત્પન્ન થાય નહીં.

**પ્રશ્નકર્તા :** શરીર નાશ પામે છે ત્યારે આત્મા ક્યાં જાય છે ?

**દાદાશ્રી :** એવું છે ને, આત્મા ઈટર્નલ છે, પરમેનન્ટ છે, કાયમનો છે. એને ક્યાંય જવાનું-આવવાનું હોતું જ નથી. અને આ શરીર નાશ થાય છે ત્યારે આત્માને ક્યાં જવાનું એ એના પોતાના અધિકારમાં નથી. એય સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સના તાબામાં છે. એટલે જ્યાં એવિડન્સ લઈ જાય ત્યાં એને જવાનું. પરમેનન્ટ વસ્તુ આની મહીં આત્મા એકલી જ છે, બીજું બધું ટેમ્પરરી છે. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધું જ ટેમ્પરરી છે. અને આત્મા તો એવો છે કે એ આ શરીરથી બિલકુલ જુદો છે. જેમ આ કપડું ને મારો દેહ જુદા છે ને, એટલા બધા દેહ ને આત્મા જુદા છે, તદ્દન જુદા છે.

## કુદરતના કેટલાય 'એડજસ્ટમેન્ટ્સ'

**પ્રશ્નકર્તા :** મૃત્યુ વખતે એક દેહ છોડતો હોય અને એ બીજા દેહમાં જતા પહેલા ક્યાં, કેટલો વખત અને કેવી રીતે રહે છે ? બીજા દેહમાં જતા દરેક જીવને કેટલો વખત લાગે છે ?

**દાદાશ્રી :** એનો સમય જ નથી લાગતો બિલકુલેય. અહીં દેહમાં પણ હોય છે અને ત્યાં યોનિમાં શરૂ હોય છે. મરનારો અહીં વડોદરામાં અને યોનિ ત્યાં દિલ્હીમાં હોય, તો એ યોનિમાં પણ હોય છે અને અહીં આ દેહમાં પણ હોય છે. એટલે આમાં ટાઈમ જ નથી. દેહ વગર સહેજ વાર જુદો રહી શકે નહીં.

અહીંથી દેહ છૂટવાનો હોય, ત્યાં પેલો વીર્ય અને રજનો સંયોગ હોય તે ઘડીએ. એ બધું ભેગું થાય ત્યારે અહીંથી જાય, નહીં તો એ અહીંથી જાય જ નહીં. કારણ કે અહીંથી જાય તો એ ત્યાં ખાય શું ? ત્યાં યોનિમાં ગયો પણ ખોરાક ખાય શું ? પુરુષનું વીર્ય અને માતાનું રજ એ બેઉ જ હોય, એ આખુંય જતાની સાથે જ ભૂખનો માર્યો ખાઈ જાય છે અને ખાઈને પછી પીંડ બંધાય છે. બોલો હવે, આ બધું સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે ને ?

એટલે અહીંથી નીકળતાય વાર ના લાગે. હવે ત્યાં આગળ એવો ટાઈમ ના બેઠો હોય ને, ત્યાં સુધી અહીં આગળ આ દેહમાં ઉંઉંઉં કર્યા કરે.

'કેમ નીકળતા નથી ? જલદી જાવ ને' કહીએ. ત્યારે કહેશે, 'ના, હજુ ત્યાં તૈયારી નથી થયેલી !' એટલે છેલ્લી ઘડીએ ઉંઉંઉં કરે છે ને ? ત્યાં આગળ 'એડજસ્ટ' થાય ત્યાર પછી અહીંથી નીકળે. પણ નીકળે ત્યારે ત્યાં આગળ પદ્ધતિસર જ હોય.

## ભ્રાંતિ જ જન્માવે જન્મ-મરણાં

**પ્રશ્નકર્તા :** તો એમ જ થયું ને કે બીજો જન્મ થવાનો હોય ત્યારે એનો એ જ આત્મા ત્યાં જાય છે ?

**દાદાશ્રી :** હા, એ જ આત્મા, બીજો કોઈ નહીં.

**પ્રશ્નકર્તા :** તો પછી આત્માનો પણ જન્મ થયો એમ કહેવાય ને ?

**દાદાશ્રી :** ના, આત્માનો જન્મ થાય જ નહીં. જન્મ થવાનો આત્માનો સ્વભાવ જ નથી. આ જન્મેય પુદ્ગલનો થાય છે અને મરણેય પુદ્ગલનું થાય છે. પણ આ 'એની' માન્યતા છે કે 'આ હું છું' એટલે એને જોડે ઢસેડાવું પડે છે. બાકી, આમાં પુદ્ગલનો જન્મ ને પુદ્ગલનું મરણ છે.

**પ્રશ્નકર્તા :** પણ પુદ્ગલ સાથે આત્મા હોય ને ?

**દાદાશ્રી :** આ તો ભ્રાંતિ છે માટે પુદ્ગલ સાથે છે, નહીં તો ભ્રાંતિ ગયા પછી પુદ્ગલને અને આત્માને કશી લેવાદેવા નથી ને ! ભ્રાંતિ ગયા પછી તો જેટલું ચાર્જ થયેલું છે એટલું ડિસ્ચાર્જ થઈ જાય એટલે પછી ખલાસ થઈ ગયું, પછી નવું ચાર્જ ના થાય.

આ જે કર્મો બધા અત્યારે થાય છે ને, તે કર્મનો, જો 'હું માલિક છું' એમ કહે, 'મેં કર્યાં' એમ કહે તો નવો હિસાબ બંધાય અને 'આ વ્યવસ્થિતે કર્યાં' અને 'હું તો શુદ્ધાત્મા છું' એવું સમજાય તો કર્મો જોડે એને લેવાદેવા નથી.

**પ્રશ્નકર્તા :** તો તો જન્મ જ ના થાય ?

**દાદાશ્રી :** હા, પછી છૂટો થઈ જાય. પણ આ કાળમાં અત્યારે સંપૂર્ણ ડિસ્ચાર્જ થઈ શકતું નથી. એટલે ધક્કો એટલો બધો જબરજસ્ત છે કે એક કે બે અવતાર થાય છે. કર્તાભાવ મટ્યો એટલે બસ ખલાસ થઈ ગયું, કર્મ બંધાતા અટકી જાય.

હવે જન્મ-મરણનું કારણ એક જ છે કે 'પોતે કોણ છે' એનું ભાન નહીં તે, એ એકલું જ કારણ છે. જૈનોએ કહ્યું કે રાગ-દ્વેષ ને અજ્ઞાનથી બંધાયો છે અને વેદાંતેય કહ્યું કે મળ, વિક્ષેપ ને અજ્ઞાનથી બંધાયો છે. બેઉ અજ્ઞાનને સ્વીકાર કરે છે. તો અજ્ઞાનથી બંધાયો છે ને જ્ઞાનથી છૂટે. પોતે પોતાનું જ જ્ઞાન થાય, ભાન થાય કે છૂટે.

## સૂક્ષ્મ શરીરનો સંબંધ ક્યાં સુધી ?

**પ્રશ્નકર્તા :** એક જીવ બીજા ખોળિયામાં જાય છે. ત્યાં સાથે પંચેન્દ્રિયો અને મન, એ બધું દરેક જીવ લઈને જાય છે ?

**દાદાશ્રી :** ના, ના, કશું જ નહીં. ઈન્દ્રિયો તો બધી એક્ઝોસ્ટ થઈને ખલાસ થઈ ગઈ, ઈન્દ્રિયો તો મરી ગઈ. અને કારણ શરીરમાંથી ફરી નવી ઊભી થાય છે. એટલે એની જોડે ઈન્દ્રિયો એવું કંઈ જ જવાનું નહીં. ફક્ત આ ક્રોધ-માન-માયા-લોભ જવાના. એ કારણ શરીરમાં ક્રોધ-માન-માયા-લોભ બધુંય આવી ગયું. અને સૂક્ષ્મ શરીર એ કેવું હોય ? જ્યાં સુધી મોક્ષે ના જાય ત્યાં સુધી સાથે જ હોય. ગમે ત્યાં અવતાર થાય પણ આ સૂક્ષ્મ શરીર તો જોડે જ હોય.

એટલે આત્મા દેહ છોડીને એકલો જતો નથી. આત્મા જોડે પછી બધા કર્મો, કારણ કર્મો-કારણ દેહ કહેવાય એને. પછી ત્રીજું ઈલેક્ટ્રિકલ બૉડી, આ ત્રણે સાથે નીકળે છે. જ્યાં સુધી આ સંસાર છે ત્યાં સુધી દરેક જીવમાં આ ઈલેક્ટ્રિકલ બૉડી હોય જ. કારણ શરીર બંધાયું કે ઈલેક્ટ્રિકલ બૉડી જોડે જ

હોય. ઈલેક્ટ્રિકલ બૉડી દરેક જીવમાં સામાન્ય ભાવે હોય જ અને તેના આધારે આપણું ચાલે છે. ખોરાક ખાઈએ છીએ તે પચાવવાનું કામ એ ઈલેક્ટ્રિકલ બૉડી કરે છે. એ લોહી બધું થાય છે, લોહી શરીરમાં ઉપર ચઢાવે, નીચે ઉતારે, એ બધું અંદર કામ કરે. આંખે દેખાય છે, તે લાઈટ બધું આ ઈલેક્ટ્રિકલ બૉડીના લીધે હોય છે. અને આ ક્રોધ-માન-માયા-લોભ, એય આ ઈલેક્ટ્રિકલ બૉડીને લીધે થાય છે. આત્મામાં ક્રોધ-માન-માયા-લોભ છે જ નહીં. આ ગુસ્સોય એ બધું ઈલેક્ટ્રિક્લ બૉડીના શૉક છે.

**પ્રશ્નકર્તા :** એટલે ચાર્જ થવામાં ઈલેક્ટ્રિકલ બૉડી કામ કરતું હશે ને ?

**દાદાશ્રી :** ઈલેક્ટ્રિકલ બૉડી હોય તો જ ચાર્જ થાય, નહીં તો આ ઈલેક્ટ્રિકલ બૉડી ના હોય તો આ કશું ચાલે જ નહીં. ઈલેક્ટ્રિકલ બૉડી હોય ને આત્મા ના હોય તોય કશું ના ચાલે. આ બધા સમુચ્ચય કૉઝિઝ છે.

**પ્રશ્નકર્તા :** જ્યારે જીવ મરી જાય છે, ત્યારે તૈજસ શરીર કેવી રીતે એની સાથે જાય છે ?

**દાદાશ્રી :** તૈજસ શરીર ક્યાં સુધી હોય ? કર્મની સિલક હોય ત્યાં સુધી. કર્મની સિલક ખલાસ થઈ ગઈ કે તૈજસ શરીર ના આવે. એટલે એ આખા ભવપર્યંત ઠેઠ સુધી રહે છે. દરેક જીવમાત્રમાં, ઝાડમાં, બધામાં તૈજસ શરીર હોય છે. એ તૈજસ શરીર ના હોય તો એનું ગાડું શી રીતે ચાલે ? તૈજસ શરીરને અંગ્રેજીમાં કહેવું હોય તે 'ઈલેક્ટ્રિકલ બૉડી' કહેવાય. અને ઈલેક્ટ્રિસિટી વગર તો આ ઘરમાં ચાલે એવું જ નથી ને આંખે દેખાય જ નહીં. ઈલેક્ટ્રિસિટી બંધ થઈ ગઈ કે થઈ રહ્યું, બધું ખલાસ થઈ જાય !

એવું છે ને, આ પાણી હોય ને નીચે સ્ટવ સળગાવો, તો શેર પાણી હોય તોય ખલાસ થઈ જાય ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ પાણી એ સ્થૂળ સ્વરૂપ છે ને જે ઊડી જાય છે એ સૂક્ષ્મ સ્વરૂપ છે. એવી રીતે આ દેહ જે સ્થૂળ સ્વરૂપ છે તે આપણને દેખાય, પેલું સૂક્ષ્મ સ્વરૂપ આપણને દેખાય નહીં. પણ પેલું સૂક્ષ્મ શરીર એ આના જેવું ને જેવું જ છે, બીજું કશું ફેર જ નથી. સૂક્ષ્મ શરીર એટલે જ ઈલેક્ટ્રિકલ બૉડી.

**પ્રશ્નકર્તા :** પણ જે વખતે જીવ જાય છે તે વખતે કાર્મણ શરીર ને તૈજસ શરીર એની સાથે કેવી રીતે જાય છે ? બીજા સાથે કેમ ના જાય ?

**દાદાશ્રી :** જે પાણી આપણે બાળ્યું ને, એ પાણીમાં જ 'હાઈડ્રોજન' ને 'ઓક્સિજન' બેઉ ભેગું ઊડે ને પછી એય છૂટું પડી જાય. પણ ઊડે ત્યારે બેઉ સાથે ઊડે. પણ પાછું છૂટું પડે ને પાછું ભેગું થાય. આ હિસાબ છે. કર્મના હિસાબે ઈલેક્ટ્રિકલ બૉડી ચોંટેલું જ રહે છે. એટલે બીજી ભેળસેળ ના થાય. એ ઈલેક્ટ્રિકલ બૉડી આખા ભવપર્યંત એક જ રહે છે અને એમાં બહારનો બીજો કોઈ એને અડે નહીં. જેમ આ શરીરમાં બીજું શરીર અડવા દેતું નથી તેવું પેલું સૂક્ષ્મ શરીરનું છે. આ સ્થૂળ શરીર આંખે દેખાય છે અને સૂક્ષ્મ શરીર આંખે ના દેખાય એવું હોય છે, બીજો કોઈ ડિફરન્સ નથી. એમાં આકાર બધું એવું, ફક્ત આ સ્થૂળ દેહ દેખાય ને પેલું સૂક્ષ્મ શરીર ના દેખાય એટલું જ. એટલે એમાં કશું ભેળસેળ થાય નહીં. આ સૂક્ષ્મ શરીર બીજાને ભેગું થાય નહીં. આમાંય મમતા છે ને, એવી ત્યાં આગળ સૂક્ષ્મ દેહમાંય મમતા છે, બધું જ છે.

એવું છે ને, જ્યાં સુધી સંસાર અવસ્થા છે ત્યાં સુધી સૂક્ષ્મ શરીર જોડે રહે જ. સંસાર અવસ્થા એટલે ભ્રાંતિની અવસ્થા. એ છે ત્યાં સુધી સૂક્ષ્મ શરીર રહે છે.

**પ્રશ્નકર્તા :** તો સૂક્ષ્મ દેહમાં આત્મા છૂટો છે કે બંધાયેલો છે ?

**દાદાશ્રી :** છૂટો જ છે, બંધાયેલો નથી. વ્યવહાર આત્મા બંધાયેલો છે અને ખરેખરો (મૂળ) આત્મા બંધાયેલો નથી. વ્યવહારમાં તમે ઉપયોગમાં લો છો એ આત્મા બંધાયેલો છે.

**પ્રશ્નકર્તા :** આ જે જન્મ લે છે ફરીથી, એ સૂક્ષ્મ દેહ લે છે ને ?

**દાદાશ્રી :** હા, એટલે આપણે આ અહંકાર લે છે એમ કહો ને ! સૂક્ષ્મ દેહને તો ઓળખતા નથી, કોઈ દહાડો સૂક્ષ્મ દેહ જોયો નથી. સૂક્ષ્મ દેહ શબ્દ બોલતા શીખેલા એ તો ચોપડીમાં વાંચીને. એટલે અહંકાર જ જન્મ લે છે, એમ કહો ને ! અહંકારને ઓળખો કે ના ઓળખો ? અહંકાર જ દેહ ધારણ કરે છે ફરી ફરી. એક વ્યવહાર આત્મા છે અને એક ખરો આત્મા છે. ખરો આત્મા બંધાયેલો નથી, એ ચોખ્ખો જ છે.

એટલે અહંકારની જ ભાંજગડ છે આ. અહંકાર જતો રહે તો મોક્ષ થઈ જાય. બસ, આટલી ટૂંકી વાત સમજણ પડશે ને ?

સૂક્ષ્મ દેહ એ જે કહો છો તે, એ જ બીજા અવતારમાં જાય છે. એ તો પુરાવો આપણને સમજણ પડે ને ? બાકી સૂક્ષ્મને તો શી રીતે ઓળખો ? સૂક્ષ્મ વસ્તુ જુદી છે, એ તો 'જ્ઞાની'ઓ જાણે. આ તો આપણા લોકો ચોપડીમાં વાંચીને 'સૂક્ષ્મ દેહ, સૂક્ષ્મ દેહ' બોલે. બાકી સ્થૂળને જ ઓળખતો નથી, તે સૂક્ષ્મને શી રીતે ઓળખે ?

## આત્મા ઓળખાય શી રીતે ?

**પ્રશ્નકર્તા :** આત્મા દેખી શકાય કે કલ્પના જ છે ?

**દાદાશ્રી :** આપણને હવા દેખાતી નથી, છતાં તમને ખબર પડે ને કે હવા છે ? કે ના ખબર પડે ? આ અત્તરની સુગંધ આવે છે, પણ એ સુગંધ દેખાય છે ખરી ? છતાં આપણને 'અત્તર છે' એ વાતની ખાતરી થાય છે ને ? એવું 'આત્મા છે' એની આપણને ખાતરી થાય ! જેમ સુગંધ પરથી અત્તર ઓળખાય, એવું આત્મા એના સુખ ઉપરથી ઓળખાય. પછી આ બધું જગત 'જેમ છે તેમ' દેખાય. તેના ઉપરથી ખાતરી થઈ જાય કે આત્માના અનંત ગુણો છે. આત્મા ત્રિકાળી વસ્તુ છે અને અનંત સુખનું ધામ છે. આત્મા પોતે જ પરમાત્મા છે, પણ 'પોતાને' 'એનું' ભાન થવું જોઈએ. એક ફેરો ભાન થયું કે પછી બધા ગુણો પ્રગટ થઈ જાય. અનંત ભેદે આત્મા છે, અનંત ગુણધામ છે ! એના એક પણ ગુણ જાણ્યા નથી તમે અત્યારે.

## આત્માના મુખ્ય ગુણો

**પ્રશ્નકર્તા :** આત્માને ઓળખવાનું લક્ષણ શું ?

**દાદાશ્રી :** ઓળખવાનું તો અવિનાશી પદ છે એ, અનંત સુખધામ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ. સુખ બહાર ખોળવા ના જવું પડે પોતાનું. અને દુઃખ તો છે જ નહીં.

**પ્રશ્નકર્તા :** આત્માને અનંત ગુણધામ કહ્યો, તો એ ગુણો કયા કયા છે ?

**દાદાશ્રી :** આત્માના મુખ્ય બે ગુણ : જ્ઞાન અને દર્શન. બીજા તો પાર વગરના ગુણો છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ ને અનંત સુખ, આ ચાર ગુણો મોટા-મોટા, જબરજસ્ત.

મૂળ આત્મા શુદ્ધ જ છે. શુદ્ધ જ્ઞાન સિવાય બીજી કોઈ વસ્તુ નથી. પણ શુદ્ધ જ્ઞાન કોને કહેવું ? કયા થર્મોમિટર ઉપર શુદ્ધ જ્ઞાન કહેવાય ? ત્યારે કહે, જે જ્ઞાનથી રાગ-દ્વેષ ને ભય ના થાય તે જ્ઞાન શુદ્ધ જ્ઞાન. અને શુદ્ધ જ્ઞાન, પરમ જ્યોતિસ્વરૂપ તે જ પરમાત્મા. પરમાત્મા કંઈ સ્થૂળ વસ્તુ નથી, જ્ઞાનસ્વરૂપ છે, એબ્સોલ્યૂટ જ્ઞાન માત્ર છે.

## છતાં પાપડેય ભાંગવાની શક્તિ નથી

**પ્રશ્નકર્તા :** આત્મામાં અનંત શક્તિ ખરી ?

**દાદાશ્રી :** હા, પણ એ શક્તિ 'જ્ઞાની પુરુષ' થકી પ્રગટ થવી જોઈએ. જેમ તમે સ્કૂલમાં ગયા ત્યારે શીખવાડ્યું હતું ને ? તમારું જ્ઞાન તો હતું જ તમારી મહીં, પણ એ પ્રગટ કરી આપે છે. એમ 'જ્ઞાની પુરુષ' પાસે પોતાની શક્તિઓ બધી પ્રગટ થાય. અનંત શક્તિ છે, પણ એ શક્તિ બધી એમ ને એમ 'અન્ડરમાઈન' (દબાયેલી) પડેલી છે. એ શક્તિ અમે ખુલ્લી કરી આપીએ. (દબાયેલી) જબરજસ્ત શક્તિ છે ! તે તમારા એકલામાં નહીં, દરેક જીવમાત્રમાં એવી શક્તિ છે પણ શું કરે ? આ તો લેયર્સ ઉપર લેયર્સ (સ્તરો) નાખેલા છે બધા !

**પ્રશ્નકર્તા :** આત્માની શક્તિ અને શારીરિક શક્તિ, એ બેને કંઈ સંબંધ ખરો ?

**દાદાશ્રી :** એ બેની શક્તિ જુદી જ છે.

**પ્રશ્નકર્તા :** એ બંને એકબીજાને અસર કરે ?

**દાદાશ્રી :** કરે જ છે ને ! આ શારીરિક શક્તિને લીધે તો પેલી આત્માની શક્તિ બંધ થઈ જાય છે. શારીરિક શક્તિ વધારે હોય તો પાશવતા વધે.

**પ્રશ્નકર્તા :** અને આત્માની શક્તિ વધારે હોય તો ?

**દાદાશ્રી :** પાશવતા ઘટે ને મનુષ્યપણું ઉત્પન્ન થાય.

**પ્રશ્નકર્તા :** તો પછી આત્માની શક્તિ મેળવવા માટે માણસે શું પ્રયત્ન કરવો જોઈએ ?

**દાદાશ્રી :** આત્માની શક્તિ મહીં છે જ. આત્માની શક્તિ એ તો પરમાત્માપણાની શક્તિ છે. બાકી એ પરમાત્મામાં એક શેક્યો પાપડ ભાંગવાની શક્તિ નથી અને આમ અનંત શક્તિના એ માલિક છે !

**પ્રશ્નકર્તા :** હં, પાપડ ભાંગવાની શક્તિ નથી પણ તમે એક બાજુ એમ કહો છો કે આત્મામાં અનંત શક્તિ છે, એટલે બે શક્તિઓ થઈ ?

**દાદાશ્રી :** હા, શક્તિ બે પ્રકારની. એક શક્તિ તે જ્ઞાન-દર્શન, તેમાં લાગણીઓ હોય છે અને બીજી કાર્યશક્તિ, તે તેમાં લાગણીઓ ના હોય. અનંત શક્તિ છે તે આ શક્તિ, પોતાની શક્તિ તો પાર વગરની છે પણ આવી શક્તિઓ નથી. ત્યાં આ કહે છે, હું પહોંચ્યો એ મારી શક્તિ છે આ તો. અલ્યા, આ તારી શક્તિ છે જ નહીં, આ તો રિઝલ્ટ છે.

## ન હોય એ મિકેનિકલ શક્તિ

**પ્રશ્નકર્તા :** જો આત્મા-પરમાત્મા કશું કરી શકતો ના હોય તો આપણે એને 'અનંત શક્તિવાળો' કેમ કહીએ છીએ ?

**દાદાશ્રી :** અનંત શક્તિવાળો આત્મા-પરમાત્મા છે પણ આ જે તમે માનો છો એવી મિકેનિકલ શક્તિ એમાં નથી. મિકેનિકલ શક્તિ એ પાવરથી ઊભી થયેલી છે અને આ બધી મિકેનિકલ શક્તિ છે. આ તમે મહીં ખાવાનું નાખો, તો આ મશીન ચાલે. ખાવાનું ના નાખો, હવા ના પૂરો તો મશીન બંધ થઈ જાય.

શક્તિ બે પ્રકારની; એક મશિનરી બનાવવાની શક્તિ અને આ કશું કરે નહીં ને શક્તિ પાર વગરની ! ઈશ્વરની શક્તિ અપાર પણ કશું કરવાની નહીં. એની હાજરીથી બધું ચાલે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આત્મા જો અક્રિય છે, તો પછી આટલી બધી શક્તિ આવી ક્યાંથી એનામાં ?

**દાદાશ્રી :** અનંત શક્તિનો ધણી છે. અક્રિય છે એટલે આવી ક્રિયા નથી કરતો. આ મહેનતની ક્રિયા મિકેનિકલ છે, મિકેનિકલ નથી કરતો એ.

પણ એની જ્ઞાનક્રિયા જબરજસ્ત હોય છે, દર્શનક્રિયા જબરજસ્ત હોય છે. અનંત શક્તિનો ધણી, જબરજસ્ત ! મિકેનિકલ શક્તિ નહીં. આ મશિનરી ફરે ને આ બધું લેવાદેવાની જે મિકેનિકલ શક્તિ છે, એ બધી પુદ્‌ગલની છે, પરમાણુની શક્તિ છે.

આત્માની અનંત જ્ઞાનશક્તિ છે, એકાદ-બે જ્ઞાનશક્તિ છે એવું નથી. આ અનંત જ્ઞાનશક્તિ છે તેના આધારે તો જ્યોતિષવાળાનું જ્ઞાન, વકીલાતનું જ્ઞાન, ડૉકટરનું જ્ઞાન, એ બધું જ્ઞાન બહાર પડ્યું છે. દરેકના જુદા જુદા 'સબ્જેક્ટ્સ' (વિષયો) હોય એ બધા જ્ઞાન ખુલ્લા થાય એટલી બધી જ્ઞાનશક્તિ છે ! એટલે આત્મા અનંત શક્તિનો ધણી છે ! અનંત જ્ઞાનશક્તિ છે ને અનંત વીર્યશક્તિઓ છે ! બહુ ગજબની શક્તિ ધરાવે છે એવા એ પરમાત્મા છે !

## પુદ્‌ગલની શક્તિએ ભગવાનનેય ગૂંચવ્યા

**પ્રશ્નકર્તા :** આત્માની શક્તિ અને આ પુદ્‌ગલની શક્તિ એમાં તફાવત શું ?

**દાદાશ્રી :** પુદ્‌ગલમાંય અનંત શક્તિ છે. તે રૂપી છે અને સક્રિય છે. અને તે પુદ્‌ગલ કંઈ પાછું પડે એવું નથી. પુદ્‌ગલે ભગવાનને આંતર્યા. તે ભગવાન મહીં ગૂંચવાયા ! આ કોશેટો પેલો કરોળિયો વીંટે છે ને પોતાની આજુબાજુ, તે કરોળિયો જાળ તૈયાર કરે છે, ને પછી મહીં મૂંઝાય જાય એના જેવી સ્થિતિ. આ પુદ્‌ગલની કરામત છે.

**પ્રશ્નકર્તા :** આપે પુદ્‌ગલ અને આત્મા બન્નેની અનંત શક્તિ કહી, સાથે સાથે એ પણ સમજાવ્યું કે બન્નેની શક્તિ નોખી-નિરાળી છે, એકમેકની સાથે કંઈ લેવાદેવા નથી, તો પછી પુદ્‌ગલે ભગવાનને કઈ રીતે આંતર્યા ?

**દાદાશ્રી :** પુદ્‌ગલમાં 'હું જ છું' એમ માનતો હતો એટલે એની શક્તિ પુદ્‌ગલમાં પેસી ગઈ ને તે પુદ્‌ગલ શક્તિવાળું થયું. અને હવે જ્યારથી 'હું આત્મા છું' તેનું લક્ષ બેસી ગયું, ત્યારથી પુદ્‌ગલથી છૂટો પડ્યો. પણ શક્તિવંત બનેલું પુદ્‌ગલ નરમ પડતા વખત જાય અને છૂટો પડેલો આત્મા પૂર્ણપણે પહોંચતાય ટાઈમ લાગે.

## કોને કોની વળગણા ?

**પ્રશ્નકર્તા :** આત્મા પુદ્‌ગલને ચોંટ્યો છે કે પુદ્‌ગલ આત્માને ચોંટ્યું છે ?

**દાદાશ્રી :** એવું છે ને, કોઈ કોઈને ચોંટ્યું જ નથી, બધું નૈમિત્તિક છે. આ તો વ્યવહારમાં લોકો કહે છે કે 'આત્મા ચોંટી પડ્યો છે.' એટલે તો લોક એવું કહે છે કે 'આ ઝાડને તેં ઝાલ્યું છે, તું છોડી દે.' પણ એમ તો છોડી દીધે કંઈ છૂટતું હશે ? આ તો સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે.

**પ્રશ્નકર્તા :** પણ એમ દેખાય છે કે આત્મા આ પુદ્‌ગલને ચોંટ્યો છે. આત્મા પુદ્‌ગલમાં તન્મયાકાર થાય એટલે આમ થયું છે.

**દાદાશ્રી :** એ તો ફરજિયાત થવું પડે છે.

**પ્રશ્નકર્તા :** આત્માને ફરજ શા માટે પડી ? કોણે ફરજ પાડી ?

**દાદાશ્રી :** એ બધું એવું છે ને, આત્મા એ ચૈતન્ય છે અને આ પુદ્‌ગલ એ જડ છે, એ બે જોડે મૂક્યા એટલે વિશેષભાવ ઉત્પન્ન થાય છે. કોઈ કશું કરતું નથી, પણ બેઉના ભેગા થવાથી વિશેષભાવ થાય છે અને વિશેષભાવ થવાથી સંસાર ચાલુ થઈ જાય છે. પછી જ્યારે મૂળ ભાવમાં આત્મા આવે ને પોતે જાણે કે 'હું કોણ છું', ત્યારે એ છૂટે. ત્યાર પછી પુદ્‌ગલ છૂટે છે.

**પ્રશ્નકર્તા :** બંને નજીક નજીકમાં કેવી રીતે આવ્યા ?

**દાદાશ્રી :** એ જ આ 'એવિડન્સ' છે ને !

આ વ્યવહારમાં પેસતા જ આ બધું ભેગું થઈ જાય છે. અહીં વ્યવહાર બધો સંજોગોનો ભરેલો છે, ને જ્યાં સંજોગો ના હોય ત્યાં જવાનું છે, સિદ્ધપદમાં જવાનું છે. એને માટે 'શાસ્ત્રો', 'જ્ઞાની પુરુષ' એ બધા સાધનો મળી આવે છે ત્યારે એ પોતાનું સ્વરૂપ સમજે, ત્યારથી એ છૂટવા માંડે છે. પછી એક ભવ, બે ભવ કે પંદર ભવમાં પણ એનો ઉકેલ આવી જાય !

એટલે ચેતન પોતે પુદ્‌ગલના ચક્રમાં પડ્યું જ નથી. આ પડ્યું છે એવું લાગે છે, તેય ભ્રાંતિ છે. એ ભ્રાંતિ દૂર થઈ જાય તો છૂટું ને છૂટું જ છે.

આખા સંસારકાળમાં આત્મા, આત્મા જ રહ્યો છે પણ એ તો મહીં અહંકાર ઊભો થાય છે, તે બધું વેદે છે. શાતા વેદે છે ને અશાતાય વેદે છે. એ વેદનથી ઊભું થયું છે આ બધું, 'રોંગ બિલીફ ઊભી થઈ છે. 'આત્મા ફેરફાર નથી થયો, આત્મા કંઈ બગડ્યો નથી. અહીં અમે એની ભ્રાંતિ ઊડાડી દઈએ છીએ ને આત્મા તો આખો આપી દઈએ છીએ.'

## આત્મા-પુદ્‌ગલને જાણે જ્ઞાની પુરુષ

**પ્રશ્નકર્તા :** પુદ્‌ગલ અને આત્મા જ્યારે જુદા થાય ત્યારે મુક્ત થાય ને ?

**દાદાશ્રી :** પુદ્‌ગલને કશું લેવાદેવા નથી. આત્મા પોતાનું સ્વરૂપ સમજે, એનું ભાન થાય તો પ્રગટ થાય, ને એ ચાખે એટલે કામ થઈ ગયું. એટલે આત્માને ને પુદ્‌ગલને લેવાદેવા નથી. આ 'ચંદુભાઈ' તો આત્માની બહાર છે. આત્માથી તો કેટલેય દૂર ગયા ત્યારે 'હું ચંદુભાઈ છું' એવું બોલે છે.

આમાં વસ્તુ બે જ છે, આત્મા અને પુદ્‌ગલ. જેણે આત્મા જાણ્યો હોય તે પુદ્‌ગલને સમજી ગયો અને પુદ્‌ગલને જાણે એટલે આત્માને સમજી ગયો. પણ પુદ્‌ગલ સમજી જાય એવી વસ્તુ બની શકે એમ નથી, એ બહુ સહેલી વસ્તુ નથી. આત્મા જાણવો એ 'જ્ઞાની પુરુષ'ના આધારે જાણી શકાય. સંપૂર્ણ પુદ્‌ગલને જાણે તે ચેતનને જાણે અથવા તો સંપૂર્ણ ચેતનને જાણે તો પુદ્‌ગલને જાણે. જેમ ઘઉંને જાણે તો કાંકરા ઓળખાઈ જાય અને કાંકરાને જાણે તો ઘઉં ઓળખાઈ જાય એવું.

## આત્મા શુદ્ધ જ, 'બિલીફો' જ 'રોંગ'

**પ્રશ્નકર્તા :** આત્મા એના મૂળ સ્વભાવમાં તો શુદ્ધ છે, તો એને આ બધા કષાયો કેવી રીતે લાગ્યા હશે ને કર્મ કેવી રીતે બંધાણા ?

**દાદાશ્રી :** એ 'સાયન્સ' (વિજ્ઞાન) છે ! આપણે અહીં લોખંડ મૂકી રાખીએ અને તે લોખંડ જો જીવતું હોય ને તો કહેશે, કે 'મને કાટ ચઢશો નહીં.' પણ 'સાયન્સ'નો નિયમ છે, એને બીજા સંજોગોનો સ્પર્શ થાય તો એને કાટ ચઢ્યા વગર રહે નહીં. એવી રીતે આત્મા મૂળ સ્વભાવથી તો શુદ્ધ જ છે, પણ એને આ સંજોગોના દબાણથી કાટ ચઢ્યો છે.

**પ્રશ્નકર્તા :** આત્મા અત્યારે કર્મથી આવરાયેલો છે પણ આત્મા એ કર્મોને ખપાવી દે, તો પછી એને કાટ લાગે ખરો ?

**દાદાશ્રી :** એવું છે ને, જ્યાં સુધી પોતે સ્વભાનમાં ના આવે ત્યાં સુધી કાટ લાગ્યા કરે, નિરંતર કાટ લાગ્યા જ કરે. પોતાનું ભાન ગયું, પોતે આરોપિત ભાવમાં છે, માટે કાટ લાગ્યા કરે છે. 'હું ચંદુલાલ છું' એ આરોપિત ભાવ છે, એટલે નિરંતર કાટ લાગ્યા કરે છે. એ આરોપિત ભાવ ગયો અને 'સ્વભાવ'માં આવે, એટલે કે પોતાના સ્વરૂપમાં આવે, ક્ષેત્રજ્ઞદશામાં આવે, એટલે પછી એને કાટ ના લાગે !

**પ્રશ્નકર્તા :** શરૂઆતમાં આત્મા મૂળ પદાર્થે કરીને શું હશે કે જેથી કરીને આ કાટ લાગ્યો ?

**દાદાશ્રી :** આ બધા તત્ત્વો લોકમાં છે, ને લોકમાં જ્યાં સુધી છે ત્યાં સુધી બીજા તત્ત્વોની અસર થયા કરવાની. આને 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' કહેવાય. આત્મા જ્યારે લોકથી પર જશે, સિદ્ધગતિમાં જશે ત્યારે ત્યાં એને કાટ નહીં લાગે.

એવું છે ને, કર્મ બીજા કશા લાગ્યા નથી. ભાન ખોયું છે એ જ કર્મ લાગ્યા છે. બાકી પોતે શુદ્ધ જ છે. અત્યારેય તમારો આત્મા શુદ્ધ જ છે. દરેકનો આત્મા શુદ્ધ જ છે, પણ આ જે બાહ્યરૂપ ઊભું થયું છે તે રૂપમાં પોતાને 'રોંગ બિલીફ' ઊભી થઈ છે. જન્મથી જ પોતાને અહીં તે રૂપમાં અજ્ઞાનનું પ્રદાન કરવામાં આવે છે. સંસાર છે, એટલે બાબો જન્મ્યો ત્યારથી જ એને અજ્ઞાનનું પ્રદાન કરવામાં આવે છે કે 'બાબો આવ્યો, બાબો, બાબો' કહેશે. પછી ચંદુ નામ પાડવામાં આવે તે લોકો પછી એને 'ચંદુ, ચંદુ' કહે, ત્યારે પોતે માની લે કે 'હું ચંદુ છું.' પછી એને પપ્પાની ઓળખાણ કરાવે, મમ્મીની ઓળખાણ કરાવે, બધું અજ્ઞાનનું જ પ્રદાન કરવામાં આવે છે. 'તું ચંદુ, આ તારા મમ્મી, આ તારા પપ્પા' એવી ઓળખાણ કરાવે એટલે એને 'રોંગ બિલીફ' બેસી ગયેલી છે, તે ઊખડતી જ નથી. એ 'રોંગ બિલીફ' 'જ્ઞાની પુરુષ' તોડી આપે ત્યારે 'રાઈટ બિલીફ' બેસે, ને ત્યારે ઉકેલ આવી જાય ! એટલે આત્મા તો શુદ્ધ જ છે, આ તો ખાલી દૃષ્ટિફેર જ છે !

**પ્રશ્નકર્તા :** પણ આની શરૂઆત કેવી રીતે થઈ ?

**દાદાશ્રી :** આ તો અવિનાશી વસ્તુઓ ભેગી થવાથી આ બધી અવસ્થાઓ ઊભી થઈ છે. આ સંસાર એટલે સમસરણ માર્ગ, અને સમસરણ એટલે નિરંતર પરિવર્તન થયા જ કરે. આ પરિવર્તનથી તમારો આત્મા અશુદ્ધ જ છે એવું તમને તમારા માટે લાગે છે, પણ મને તમારો આત્મા શુદ્ધ જ દેખાય છે. ફક્ત તમારી 'રોંગ બિલીફો' બેઠી છે, તેથી તમને અશુદ્ધતા મનાય છે. એ 'રોંગ બિલીફો' હું 'ફ્રેકચર' કરી આપું અને તમને 'રાઈટ બિલીફ' બેસાડી આપું, એટલે તમને પણ શુદ્ધ દેખાય.

આ તો ફક્ત મિથ્યાદર્શન ઊભું થયું છે, જ્યાં સુખ નથી ત્યાં સુખની માન્યતા ઊભી થઈ છે. અમે જ્ઞાન આપીએ એટલે એને સાચી દિશામાં પછી રસ્તો મળી જાય છે. રસ્તો મળી જાય એટલે ઉકેલ આવી જાય. મિથ્યાદર્શન ફેરવી આપીએ અને સમ્યક્‌દર્શન કરી આપીએ એટલે એનો ઉકેલ આવે, ત્યાં સુધી ઉકેલ ના આવે.

આત્મા શુદ્ધ જ છે. અત્યારેય તમારો આત્મા શુદ્ધ જ છે, ફક્ત 'બિલીફો' તમારી 'રોંગ' બેઠેલી છે. તે તમે આ 'ટેમ્પરરી' વસ્તુમાં સુખ માની બેઠા છો. જે આંખે દેખાય છે, કાને સંભળાય છે, જીભે ચખાય છે એ બધી 'ઓલ આર ટેમ્પરરી એડજસ્ટમેન્ટસ્' છે અને તે 'ટેમ્પરરી'માં તમે સુખ માન્યું. અત્યારે તમને એ 'રોંગ બિલીફ'ની અસર થઈ છે. એ 'રોંગ બિલીફ' 'ફ્રેકચર' થઈ જાય એટલે 'ટેમ્પરરી'માં સુખ ના લાગે, 'પરમેનન્ટ'માં સુખ લાગે. 'પરમેનન્ટ' સુખ એ સનાતન સુખ છે; એ આવ્યા પછી જાય નહીં. અને એનું નામ જ આત્મા પ્રાપ્ત કર્યો કહેવાય, એ સ્વાનુભવ પદ કહેવાય. એ સ્વાનુભવ પદથી આગળ વધતા વધતા પૂર્ણાહૂતિ થાય પછી.

## અશુદ્ધતાની ઉત્પત્તિ કોનામાં ?

**પ્રશ્નકર્તા :** ગમે તેટલી સાવધાની રાખવા છતાં આત્મામાંથી અશુદ્ધ પર્યાય કેમ ઊઠતા હશે ?

**દાદાશ્રી :** પણ આમાં 'તમને' શું ફાયદો ?

**પ્રશ્નકર્તા :** આપણને બંધ પડે ને ?

**દાદાશ્રી :** તે 'તમારા'માંથી અશુદ્ધ પર્યાય ઊઠે તો 'તમને' જ બંધ પડે ને ! 'આત્મા'માંથી ઊઠતા જ નથી. આત્મામાં અશુદ્ધ પર્યાય હોતા

જ નથી. એટલે વસ્તુસ્થિતિમાં જો વાત સમજવી હોય તો આ અશુદ્ધ પર્યાય ને શુદ્ધ પર્યાય ને બધું 'તમારા'માં ઊભું થાય છે.

તમને મૂળ હકીકત કહી દઉં. બે પ્રકારના આત્મા છે, એક મૂળ આત્મા છે ને એ મૂળ આત્માને લઈને બીજો ઊભો થયેલો આ વ્યવહાર આત્મા છે. મૂળ આત્મા નિશ્ચય આત્મા છે, તેમાં કશો ફેરફાર થયો જ નથી. એ જેવો છે તેવો જ છે અને તેના અંગે વ્યવહાર આત્મા ઊભો થયેલો છે. જેવી રીતે આપણે અરીસા સામા જઈએ ત્યારે બે 'ચંદુભાઈ' દેખાય કે ના દેખાય ?

**પ્રશ્નકર્તા :** હા, બે દેખાય.

**દાદાશ્રી :** એવું આ વ્યવહાર આત્મા ઊભો થયેલો છે. એને અમે 'પ્રતિષ્ઠિત આત્મા' કહ્યો. એમાં પોતાની પ્રતિષ્ઠા કરેલી છે. માટે જો હજુ 'તમે' પ્રતિષ્ઠા કરશો, 'હું ચંદુભાઈ છું, હું ચંદુભાઈ છું' કરશો તો ફરી આવતા ભવ માટેનો પ્રતિષ્ઠિત આત્મા ઊભો થશે. આ વ્યવહારને સત્ય માનશો તો ફરી વ્યવહાર આત્મા ઊભો થશે. નિશ્ચય આત્મા તો તેવો ને તેવો જ છે. જો એનો સ્પર્શ થઈ જાય ને, તો કલ્યાણ થઈ ગયું ! અત્યારે તો વ્યવહાર આત્માનો જ સ્પર્શ છે.

આ તો અહંકાર ઊભો થયેલો છે. લોક કહે છે, 'આત્માને દુઃખ પડે છે. મારો આત્મા બગડી ગયો છે.' તો અલ્યા, આત્મા બગડેલો હોય, તો કોઈ દહાડોય સુધરે જ નહીં. જેનામાં બગડવાની શક્તિ છે તો એ વસ્તુ સુધરે જ નહીં અને અહીં બગડે છે તો પછી ત્યાં સિદ્ધક્ષેત્રમાંય બગડે. આત્મા તેવો નથી. આત્મા સિદ્ધક્ષેત્રમાં છે તેવો જ અહીં છે. પણ એ નિશ્ચય આત્મા છે અને વ્યવહાર આત્મા બગડેલો છે. હવે બગડેલો વ્યવહાર છે, વ્યવહારને શુદ્ધ કરવાનો છે. જો 'જ્ઞાની' ના મળે તો વ્યવહાર શુભ કરવાનો છે અને 'જ્ઞાની' મળે તો શુદ્ધ વ્યવહાર કરવાનો છે. બસ, એટલું જ કરવાનું છે.

એટલે આત્મામાંથી અશુદ્ધ પર્યાય હોતા જ નથી. બધા અશુદ્ધ પર્યાયો વ્યવહાર આત્મામાંથી છે. હવે એ પર્યાય તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ, સૂક્ષ્મતમ અવસ્થાને પર્યાય કહેવાય. આ તો બધી મોટી મોટી અવસ્થાઓ છે, અશુદ્ધ અવસ્થાઓ છે, જાડી અવસ્થાઓ છે. 'હું ચંદુભાઈ છું' એ અવસ્થા કંઈ જેવી તેવી છે ?

### 'વ્યવહાર આત્મા', મનાયો 'નિશ્ચય આત્મા'

**પ્રશ્નકર્તા :** વ્યવહારિક આત્મા ને નિશ્ચય આત્મા, એ બન્નેના જુદા જુદા ગુણ થયા ?

**દાદાશ્રી :** એ જુદા જ હોય ને ! નિશ્ચય આત્મા એટલે મૂળ આત્મા.

**પ્રશ્નકર્તા :** એમાં આત્મા એક જ અને ગુણ જુદા, એવું છે ?

**દાદાશ્રી :** એવું નથી. એક માણસ ખારેકનો મોટો એજન્ટ છે, સહુ લોક એને કહે કે 'આ ખારેકવાળા શેઠ છે.' પણ કોર્ટમાં એ વકીલ ગણાતા હોય. એ વકીલાત કરતા હોય તો વકીલ ગણાય ને ? એવી રીતે 'તમે' વ્યવહારિક કાર્યમાં જો મસ્ત છો તો 'તમે' વ્યવહારિક આત્મા છો અને નિશ્ચયમાં મસ્ત છો તો 'તમે' 'નિશ્ચય આત્મા' છો. મૂળ તમે ને તમે જ છો પણ કયા કાર્યમાં છો, એના ઉપર આધાર છે.

એટલે વ્યવહારિક આત્માને આ લોકોએ નિશ્ચય આત્મા માન્યો. બોલે ખરા કે વ્યવહારિક આત્મા, પણ એમના જ્ઞાનમાં તો એને નિશ્ચય આત્મા જ જાણે. એ જાણે કે 'આત્મા તે આ જ આત્મા અને આત્મા ના હોય તો આવું બોલાય શી રીતે ? ચલાય શી રીતે ?' આ હાલવું-ચાલવું, વાતચીત કરવી, સ્વાધ્યાય કરવો, વાંચું છું ને મને

યાદ રહે છે, એ બધાને કહેશે કે 'આ જ આત્મા છે, બીજો તો આત્મા હોય જ નહીં.' એવું એ જાણે. અને આ બધો તો આત્માનો પડછાયો જ છે. આ પડછાયો પકડે તો કરોડો અવતારેય તને મૂળ આત્મા ના જડે. અક્રમ વિજ્ઞાને તો ખુલ્લું પાડ્યું કે પડછાયો શું કરવા પકડો છો ? છતાં એ ક્રમિક માર્ગ એ લાઈન ખોટી નથી, પણ પડછાયાને જ આત્મા માને છે. આત્માને આત્મા માનો અને પડછાયાને પડછાયો માનો, એવું હું કહેવા માગું છું.

**પ્રશ્નકર્તા :** માન્યતામાં જ મોટી ભૂલ થઈ.

**દાદાશ્રી :** માન્યતામાં ભૂલ થાય એટલે બધુંય ભૂલ. પછી રહ્યું જ શું ? નિશ્ચય આત્મા એ શુદ્ધાત્મા અને જે વ્યવહારમાં ચાલે છે વ્યવહાર આત્મા, એ પ્રતિષ્ઠિત આત્મા. પ્રતિષ્ઠિત આત્માની માન્યતા જ છે, એ 'રોંગ બિલીફ' ઊભી થઈ ગઈ છે એટલે પ્રતિષ્ઠા જ કર્યા કરે છે કે 'આ હું છું, આ હું છું.' તે પેલી પાછલી પ્રતિષ્ઠા ઊડે છે અને નવી પ્રતિષ્ઠા ઊભી થાય છે. એક તો કહે છે, 'હું ચંદુલાલ છું', પછી 'આનો મામો થઉં, આ વિચાર મને આવ્યો.' હવે પાછલી પ્રતિષ્ઠાનું આશ્રવ છે. તે આશ્રવ પછી નિર્જરા થાય છે. તે નિર્જરા થતી વખતે ફરી એવું જ ઘાટ ઘડી અને નિર્જરા થાય છે. હવે આ જ્ઞાન આપેલું હોય, તે શું કહે કે 'હું ચંદુભાઈ છું અને આનો મામો થઉં' એ બોલે છે, તે પાછલી પ્રતિષ્ઠાનું જ. પણ આજે જ્ઞાન છે એટલે 'ખરેખર હું ચંદુભાઈ છું' એ શ્રદ્ધા ઊડી ગયેલી છે, એટલે નવી પ્રતિષ્ઠા નથી કરતો. એટલે એ સંવર કહેવાય છે, બંધ થતો નથી અને અને નિર્જરા થયા કરે. બંધ કોનું નામ કહેવાય ? જ્ઞાન ના હોય ત્યારે બંધ પડે. એટલે જેવી આપણે પ્રતિષ્ઠા કરીએ, એવી જ પાછી ફરી પ્રતિષ્ઠા ઊભી થઈ ગઈ.

## 'પ્રત્યક્ષ' જ્ઞાની જ, 'હકીકત' પ્રકાશે

હવે આવી વાત પુસ્તકોમાં તો લખેલી હોય નહીં. એટલે શી રીતે માણસ ફરે ? પુસ્તકમાં લખેલું તો કેવું હોય કે કઢીમાં મરચું, મીઠું, હળદર, ગોળ બધું નાખજો. પણ શું શું વસ્તુ ને કઈ રીતે એનું પ્રમાણ લેવું, એ તો ના હોય ને ! એટલે આ વસ્તુ એને અંદરખાને સમજાય નહીં ને ! એટલે આ પ્રતિષ્ઠિત આત્માને જ જગત આખું આત્મા માની બેઠું છે અને એને સ્થિર કરવા માગે છે. અને તેય ખોટી વસ્તુ નથી, સ્થિર તો કરવું જોઈએ. અને સ્થિર કરવાથી એને આનંદ થાય. જેટલો વખત આ પ્રતિષ્ઠિત આત્મા સ્થિર થાય; રાત્રે ઊંઘમાં તો સ્થિર થાય છે, પણ દહાડેય જેટલો વખત સ્થિર થાય એટલો વખત એને આનંદ થાય. પણ એ આનંદ કેવો કે બસ, સ્થિરતા તૂટી કે હતો તેવો ને તેવો જ થઈ જાય. હવે જો એ જોડે જોડે એમ જાણે કે મૂળ આત્મા તો સ્થિર જ છે, તો 'પોતે' 'એડજસ્ટમેન્ટ' લઈ શકે. પણ મૂળ આત્માની વાત લોકોને ખબર જ નથી. આ પ્રતિષ્ઠિત આત્માને જ આત્મા સ્વીકારવામાં આવેલો છે અને આ ખરેખર આત્મા છે નહીં. પ્રતિષ્ઠિત આત્મા એ પુદ્‌ગલ છે, એમાં ચેતન જ નથી.

જેમાં જગત ચેતન માની બેઠું છે, એમાં ચેતન નથી. આ મારી શોધખોળ છે. અમે જાતે જોઈને કહીએ છીએ. એ શાસ્ત્રમાં લખ્યું નથી. શાસ્ત્રોમાં તો આને (પ્રતિષ્ઠિત આત્માને) સુધારવાનું કહ્યું છે, 'સુધાર સુધાર કરો' એવું કહ્યું છે. એટલે કંઈ પદ્ધતિ તો હોવી જોઈએ ને ? સુધારવાની પદ્ધતિ હોય છે ને ? શાસ્ત્રમાં પદ્ધતિ બતાડવામાં આવી છે એ લોકોના લક્ષમાં નથી, બહુ સૂક્ષ્મ રીતે બતાવવામાં આવી છે. પણ એ તો શબ્દથી બતાવવામાં આવી હોય ને ! એટલે શું કે શબ્દથી બતાવવામાં આવ્યું કે મુંબઈ જાવ તો મુંબઈમાં આવું છે, આમ છે, ત્યાં આગળ જુહુનો દરિયા કિનારો આમ છે, તેમ છે પણ શબ્દથી. તેમાં તમને શું લાભ થયો ? એટલે શાસ્ત્રો શું બતાવે ? શબ્દોથી બતાવે. એ અનુભવથી ના હોય ને ! શાસ્ત્રમાં અનુભવથી

ઉતરે નહીં ને ! એટલે 'જ્ઞાની પુરુષ'ની હાજરી સિવાય કશું આનો ફોડ પડે નહીં.

### 'દર્શન' શુદ્ધ થયે, શુદ્ધમાં સમાવેશ

એક પ્રતિષ્ઠિત આત્મા અને એક દરઅસલ આત્મા. પ્રતિષ્ઠિત આત્મા 'મિકેનિકલ' છે. એ ખાય-પીએ તો જ જીવે અને નહીં તો શ્વાસ આમ બંધ કરી દઈએ ને, તો ખલાસ થઈ જાય. એ પ્રતિષ્ઠિત આત્મા જે કરે છે તેમાં 'આપણે' 'હું કરું છું' એવો અહંકાર કરીએ છીએ, એટલે પાછો બીજો નવા ભવનો પ્રતિષ્ઠિત આત્મા ઊભો થાય છે.

એવું છે ને, મૂળ અસલ આત્માને કશું થયું નથી. આ તો લોકોએ અજ્ઞાનનું પ્રદાન કર્યું ને, એટલે સંસ્કાર બધા ઊભા થઈ ગયા છે. તે જન્મતા જ લોક 'એને' 'ચંદુ, ચંદુ' કરે. હવે પેલા બાબાને તો ખબર જ ના હોય કે આ શું કરે છે તે ? પણ એને આ લોક સંસ્કાર પાડ પાડ કરે છે. પછી 'એ' માની બેસે છે કે 'હું ચંદુ છું.' પછી મોટો થાય ત્યારે કહે છે, 'આ મારા મામા થાય ને આ મારા કાકા થાય.' એવું આ બધું અજ્ઞાન પ્રદાન કરવામાં આવે છે, તે ભ્રાંતિ ઊભી થઈ જાય છે. આમાં થાય છે શું કે આત્માની એક શક્તિ આવરાય છે, દર્શન નામની શક્તિ આવરાય છે. એ દર્શન નામની શક્તિ આવરાવાથી આ બધું ઊભું થઈ ગયેલું છે. એ દર્શન જ્યારે ફરી સમું થાય, સમ્યક્ થાય, ત્યારે પાછા 'પોતે' પોતાના 'મૂળ સ્વરૂપ'માં બેસી જાય. આ દર્શન મિથ્યા થઈ ગયું છે અને એટલે 'આ ભૌતિકમાં જ સુખ છે' એવું માની બેઠો છે. તે દર્શન સમું થાય તો આ ભૌતિક સુખની માન્યતા પણ ઊડી જાય. બીજું કશું બહુ લાંબું બગડ્યું જ નથી. દર્શન જ બગડ્યું છે, દૃષ્ટિ જ બગડી છે. એ દૃષ્ટિ અમે ફેરવી આપીએ.

**પ્રશ્નકર્તા :** એટલે આત્માને ફક્ત ભ્રાંતિ જ થયેલી છે ?

**દાદાશ્રી :** આત્માને ભ્રાંતિ નહીં, આ તો દર્શન જ એનું આવરાયું છે. જે મૂળ આત્માનું દર્શન છે, એ દર્શન જ આખું આવરાયું છે. આ બહારના અજ્ઞાન પ્રદાનથી, આ બહારના લોકો જન્મતા જ 'એને' અજ્ઞાન આપે છે. પોતે તો અજ્ઞાનીઓ અને પેલાને અજ્ઞાનના ઢબે ચઢાવે છે. એટલે એય માની બેસે છે, ને માની બેસે છે એટલે દર્શન આવરાય છે. દર્શન આવરાય છે એટલે કહે છે કે 'આ મારા સસરા છે ને આ મારા મામા છે.' અને હું કહું છું કે આ બધી રોંગ બિલીફો છે.

### 'મૂળ સ્વરૂપ'ના ભાને, 'પોતાનો' ઉદ્ધાર

**પ્રશ્નકર્તા :** એટલે આત્માનો ઉદ્ધાર આત્માએ પોતે જ કરવાનો છે, એમ જ થયું ને ?

**દાદાશ્રી :** આત્માનો ઉદ્ધાર આત્માએ પોતે કરવાનો એટલે શું, કે આત્મા મૂળ ઉદ્ધાર થઈ ગયેલી જ વસ્તુ છે. પણ તેમાં આપણો જે માનેલો આત્મા છે, પ્રતિષ્ઠિત આત્મા છે, એની માન્યતામાં એ હકીકત નથી આવતી. મૂળ આત્માનો તો ઉદ્ધાર થઈ ગયેલો જ છે, પણ પ્રતિષ્ઠિત આત્મા એટલે કે પોતે પોતાની જાતને જે આત્મા ગણે છે, એ 'પોતે' જ્યારે એમ જાણશે, કે 'મારું સ્વરૂપ જ આવું છે, ને હું તો જ્ઞાન-દર્શન-ચારિત્રમય છું' એટલે 'એનો' પણ ઉદ્ધાર થઈ જાય. એટલે પોતે પોતાનો ઉદ્ધાર એ આવી રીતે આમ પુરુષાર્થ કરે ત્યારે જ તો થાય ને ! પણ 'જ્ઞાની પુરુષ' એને ભેગા થાય ને પોતાના સ્વરૂપનું ભાન કરાવી આપે પછી પુરુષાર્થ કરી શકે ને ત્યારે 'એનો' ઉદ્ધાર થઈ જાય.

### એ ગુપ્ત સ્વરૂપ, અદ્ભુત ! અદ્ભુત !

એટલે આ દુનિયામા જાણવા જેવું શું છે ? આપને શું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** સ્વ-સ્વરૂપ.

**દાદાશ્રી :** બસ ! એના સિવાય દુનિયામાં

બીજી જાણવા જેવી કોઈ વસ્તુ જ નથી. એક સ્વ-સ્વરૂપ જ જાણવા જેવું છે.

**પ્રશ્નકર્તા :** હા, પણ એ અદ્ભુત દર્શન શું હશે ?

**દાદાશ્રી :** અદ્ભુત એ ગુપ્ત સ્વરૂપ ! જે જગતથી આખું ગુપ્ત છે, ગુપ્ત સ્વરૂપ છે. આખું જગત જ જેને જાણતું નથી, એ ગુપ્ત સ્વરૂપ, તે અદ્ભુત જ છે. એથી બીજી અદ્ભુત વસ્તુ આ દુનિયામાં કોઈ હોતી નથી. અને અદ્ભુત તો આ દુનિયામાં કોઈ વસ્તુ હોય જ નહીં ને ! બધી વસ્તુ મળે, પણ જે ગુપ્ત સ્વરૂપ છે ને, એ એકલું જ અદ્ભુત છે આ દુનિયામાં ! એટલે શાસ્ત્રકારોએ એને અદ્ભુત, અદ્ભુત, અદ્ભુત કહીને લાખો વખત અદ્ભુત કહ્યું.

**માન્યતાની જ મૂળ ભૂલ...**

**પ્રશ્નકર્તા :** પણ અમને ભ્રાંતિ તો ખરી જ ને ?

**દાદાશ્રી :** શેની ભ્રાંતિ છે ?

**પ્રશ્નકર્તા :** સ્વ-સ્વરૂપની ભ્રાંતિ જ છે ને ?

**દાદાશ્રી :** પણ ભ્રાંતિવાળું સ્વરૂપ કયું છે ને ભ્રાંતિ રહિત સ્વરૂપ 'તમારું' કયું છે ? કેટલો ભાગ ભ્રાંતિ રહિત છે ને કેટલો ભાગ ભ્રાંતિવાળો છે એવી ખબર જ નથી. કશું વહેંચણ જ નહીં કરેલું. 'ડિવિઝન' જ નહીં પાડેલા ને ?

**પ્રશ્નકર્તા :** ભ્રાંતિની વ્યાખ્યા આપ શું કરો ? કોને ભ્રાંતિ રહિત ગણાય ?

**દાદાશ્રી :** પોતે અવિનાશી, પોતાની માલિકીની ચીજોય અવિનાશી અને વિનાશી ચીજોને પોતાની માનવી, એનું નામ ભ્રાંતિ.

**પ્રશ્નકર્તા :** એટલે એક જાતનું અજ્ઞાન થયું ને ?

**દાદાશ્રી :** ભારે અજ્ઞાન ! 'ફોરેન ડિપાર્ટમેન્ટ'(અનાત્મ વિભાગ)ને 'હોમ ડિપાર્ટમેન્ટ' (આત્મ વિભાગ) માનવું, એટલી બધી અજ્ઞાનતા છે. એક 'ફોરેન ડિપાર્ટમેન્ટ' હોય એને જ 'હોમ ડિપાર્ટમેન્ટ' માને તો 'હોમ'ને શું જાણે ? એટલે 'હોમ'ને એ જાણતો જ ના હોય. અને 'ફોરેન ડિપાર્ટમેન્ટ'ને 'હોમ ડિપાર્ટમેન્ટ' માને તોય શું લાભ થાય ?

**પ્રશ્નકર્તા :** કશો લાભ ના થાય.

**દાદાશ્રી :** તો શું નુકસાન થાય ?

**પ્રશ્નકર્તા :** વાસ્તવિક આપણું સ્વરૂપ ના જાણીએ તો બધું નુકસાન જ છે.

**દાદાશ્રી :** નુકસાન જ છે ને ! પોતાનું સ્વરૂપ એ 'હોમ ડિપાર્ટમેન્ટ' છે અને 'ફોરેન ડિપાર્ટમેન્ટ'માં 'હું ચંદુભાઈ છું, હું પ્રોફેસર છું, હું આ બઈનો ધણી છું, આનો કાકો છું, હું જાડો છું, હું પાતળો છું' એવું બધું ગા ગા કરે, એનું નામ ભ્રાંતિ. બોલવાનો વાંધો નથી, પણ આ તો જે બોલો છો ને, એની ઉપર જ તમને શ્રદ્ધા છે. તમે તો વ્યવહાર ને નિશ્ચય, 'ફોરેન' ને 'હોમ' બે ભેગું કરીને બોલો છો કે 'હું ચંદુભાઈ જ છું.' ઓહોહો ! શું મોટા ચંદુભાઈ આવ્યા ! સાવ આવા અવળાને જ ઝાલી પડ્યા છે ! આવું કંઈ પોષાય બધું ? તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** ના પોષાય.

**દાદાશ્રી :** તો કંઈક આરો આવે એવું જ્ઞાન જોઈએ. આ સંસાર સમુદ્રમાં કોઈ જગ્યાએ કિનારો દેખાતો નથી. ત્યાં ઘડીકમાં કહેશે, 'ઉત્તરમાં હેંડો.' ઉત્તરમાં ગયા પછી એક જણ સામો મળ્યો, તો એ કહેશે, 'આ બાજુ હેંડો.' 'અલ્યા, એ બાજુથી તો આવ્યો હું.' ત્યારે કહે, 'ના, પણ પાછા એ બાજુ હેંડો.' એટલે આમ ભટક ભટક ભટક ભટક કર્યા કરે છે, પણ આરો કે કિનારો કશો દેખાતો નથી.

## સ્વભાવ ભજ્યે, સ્વાભાવિક સુખ

એટલે અમે 'આત્મા' જુદો પાડી આપીએ, એટલા માટે કે 'તમે' સ્વાભાવિક સુખમાં આવી જાવ પછી. પછી તમને ચિંતા-ઉપાધિ ના થાય. કારણ કે ચિંતા શાથી થાય છે ? 'હું જ ચંદુભાઈ છું' અને 'હું જ કરું છું' એમ કહો છો, તેથી ચિંતા થાય છે. માણસ કશું કરી શકે ખરો ? આ કરે છે કે 'ઈટ હેપન્સ' (એની મેળે) છે ?

**પ્રશ્નકર્તા :** 'ઈટ હેપન્સ' એટલે પોતાની જાતે કશું થતું નથી, એમ ?

**દાદાશ્રી :** હા, બસ. તે આ પોતાની જાતે કરવા જાય છે ને, તેની ભ્રાંતિ ઉત્પન્ન થાય છે ને કર્તા થયો એટલે ચિંતા ઊભી થાય. પોતે છે અકર્તા, પણ કર્તાપદ ધારણ કર્યું છે અને કર્તાપદ ધારણ થયું તેથી ભોક્તાપદ ઉત્પન્ન થયું, કરવા ગયો તેથી ભોક્તા થયો. અને એટલે આખો દહાડો ચિંતા, ઉપાધિ ને કકળાટ ! પછી કોઈ કશું અપમાન કરે તોય દુઃખ થાય.

એટલે 'પોતે' 'પોતાના સ્વભાવ'માં આવે એટલા માટે 'આ' જ્ઞાન આપવાનું. પછી આત્મા આત્મામાં રહે અને અનાત્મા અનાત્મામાં રહે. દરેક જીવોની મહીં ચેતન છે ને, તે પ્રકાશ જ આપે છે, બીજું કશું કરતો નથી.

આ જે વિનાશી છે, એ બધું 'રિલેટિવ' છે. 'ઓલ ધીસ રિલેટિવસ્ આર ટેમ્પરરી એડજસ્ટમેન્ટ્સ એન્ડ યુ આર રિયલ એન્ડ પરમેનન્ટ.' તે એક 'ટેમ્પરરી' અને એક 'પરમેનન્ટ' આ બે ભેગું થઈ ગયું છે. તેનું અમે વિભાજન કરી આપીએ છીએ, 'લાઈન ઑફ ડિમાર્કેશન' (ભેદરેખા) નાખી આપીએ કે 'ધીસ ઈઝ ધેટ એન્ડ ધીસ ઈઝ નોટ ધેટ.' (આ છે અને આ નથી.)

**પ્રશ્નકર્તા :** આ વિનાશીથી અવિનાશી છૂટો પડે, પછી એનું શું થાય છે ?

**દાદાશ્રી :** પછી એને આ દુઃખો ના રહે ને ! આ સાંસારિક દુઃખો જે છે કે 'આમ થઈ ગયું, તેમ થઈ ગયું,' તે એને ના રહે. પછી મરવાનું થાય તોય બીક ના આવે, ગજવું કપાય તોય દુઃખ નહીં, બૈરી ગાળો ભાંડતી હોય તોય દુઃખ નહીં, કશા દુઃખો ના ઉત્પન્ન થાય ને ! એટલે વિનાશીથી અવિનાશી છૂટો પડે એટલે બન્ને પોતપોતાના સ્વભાવમાં રહે, બીજું શું થવાનું ?

**પ્રશ્નકર્તા :** આવું જેને છૂટું પડ્યું હોય, તેને મૃત્યુ પછી શું થાય છે ?

**દાદાશ્રી :** મૃત્યુ પછી એનો એક અવતાર બાકી રહે છે. કારણ કે અમે આ પાંચ આજ્ઞા આપીએ છીએ, તે પાળે એટલે એક અવતાર એનો બાકી રહે.

## અધ્યાત્મના અંધકાર દૂર કરે જ્ઞાની

પચ્ચીસસો વર્ષથી આ દેશમાં અંધારું ચાલ્યું. એમાં એક-બે જ્ઞાનીઓ થયા, પણ તે બધો 'પ્રકાશ' બધે પહોંચી શકે નહીં. અને આ 'પ્રકાશ' તો આખો મનનો થર ઓળંગે, બુદ્ધિનો થર ઓળંગે ત્યારે પહોંચે તેવો છે. હજુ તો ફોરેનવાળા મનના થરમાંય આવ્યા નથી. એ લોકો તો ખાલી નિશ્ચેતન મનની ક્રિયાઓમાં છે. ચેતન મન તો એમણે જોયુંય નથી, સાંભળ્યુંય નથી અને ફોરેનવાળાને એની જરૂરેય નથી. ફોરેનવાળાને આજે આપણે કહીએ કે મહીં આત્મા છે, તે એને થોડું ઘણું મહીં સમજાય કે કંઈક તત્ત્વ છે. પણ એ આત્માને ના માને, પણ બીજું કંઈક છે એવું એ માને ખરા. એને આપણે કહીએ, પુનર્જન્મ છે, તો એ સ્વીકારે નહીં.

એટલે એક આત્મા જાણવાનો છે. આપણા હિન્દુસ્તાનના બધા ધર્મો શું કહે છે કે આત્મા જાણો. ફોરેનમાં આત્માની વાત જ નથી. ફોરેનમાં તો 'આ હું જ વિલિયમ છું ને હું જ માય સેલ્ફ' કહેશે. અને એ લોકો પુનર્જન્મને માનતા નથી, ત્યાં

સુધી આત્માનું ભાન ના હોય. જે લોકો પુનર્જન્મને માનતા હોય તેને આત્માની ખબર હોય કે ભાઈ, આત્મા મારો જુદો અને હું જુદો.

અને આત્મા એ એક એવી ચીજ છે કે જે કોઈને જડ્યો જ નથી, ફક્ત કેવળજ્ઞાનીઓને જ જડ્યો હતો, એમ કહે તો ચાલે. જે બીજા કેવળી થયા તે કેવળજ્ઞાનીના દર્શન કરવાથી થયા. પણ જો ખરી શોધખોળ કરી હોય તો કેવળજ્ઞાનીઓએ, તીર્થંકરોએ !

એટલે આત્મા જડે એવી વસ્તુ નથી. આ શરીરમાં આત્મા શી રીતે જડે તે ? આત્મા એવો છે કે ઘરોની આરપાર જતો રહે. અહીં લાખ ભીંતો હોય તેની આરપાર જતો રહે, એવો આત્મા છે. હવે એ આત્મા શી રીતે આ દેહમાં જડે 'એને' ?

### 'જ્ઞાની' વર્તાવે, આત્મપરિણતિ

**પ્રશ્નકર્તા :** તો સાંસારિક માણસોને આત્મા મળે જ નહીં ?

**દાદાશ્રી :** એવું કશું છે નહીં. આત્મા જ છો તમે. પણ 'તમને' પોતાને ભાન થતું નથી કે 'હું' કેવી રીતે 'આત્મા' છું, નહીં તો 'તમે' પોતે જ 'આત્મા' છો.

'જ્ઞાની પુરુષ' આત્મજ્ઞાન આપે, તે કેવી રીતે આપે ? આ ભ્રાંતજ્ઞાન અને આ આત્મજ્ઞાન, આ જડજ્ઞાન અને આ ચેતનજ્ઞાન, એ બેની વચ્ચે 'લાઈન ઑફ ડિમાર્કેશન' નાખી આપે. એટલે પછી ફરી ભૂલ થવાનો સંભવ ના રહે. અને આત્મા નિરંતર લક્ષમાં રહ્યા કરે, એક ક્ષણ આત્માની જાગૃતિ ના જાય.

અત્યારે તમારામાં પણ આત્મા અને અનાત્મા બન્નેના ધર્મ જુદા જ છે. પણ તમારે બન્ને પરિણામ ભેગા નીકળે છે, એટલે તમને બેસ્વાદ આવે છે. બન્નેના ધર્મના પરિણામ મિક્ષ્ચર કરવાથી બેસ્વાદ થાય. અને 'જ્ઞાની પુરુષ'ને ચેતન પરિણામ જુદું રહે અને અનાત્મ પરિણામ જુદું રહે. બન્ને ધારાઓ જુદી જુદી વહે, એટલે નિરંતર પરમાનંદમાં રહે.

એવું છે, ખાવાનું, પીવાનું, નહાવાનું, ઊઠવાનું, સૂવાનું, જાગવાનું એ બધો દેહનો ધર્મ છે. અને લોકો બધા દેહના ધર્મમાં જ પડ્યા છે. 'પોતે' 'આત્મધર્મ'માં એકવાર એક સેકન્ડેય આવ્યો નથી. જો એક સેકન્ડેય આત્મધર્મમાં આવ્યો હોત તો ભગવાનની પાસેથી ખસત નહીં.

### 'મોક્ષદાતા' વર્તાવે મોક્ષ અહીં જ

**પ્રશ્નકર્તા :** એ આત્મા જાણવાની કંઈ ચાવીઓ તો હશે ને ?

**દાદાશ્રી :** એની ચાવીઓ કશું ના હોય. એ તો 'જ્ઞાની' પાસે જઈ અને કહી દેવાનું, કે 'સાહેબ, હું સાવ અક્કલ વગરનો મૂરખ માણસ છું. અનંત અવતારથી ભટક્યો, પણ આત્માનો એક અંશ, વાળ જેટલો મેં જાણ્યો નથી. માટે આપ મારી ઉપર આટલી કંઈક કૃપા કરો.' તો બસ, કામ થઈ ગયું. કારણ કે 'જ્ઞાની પુરુષ' એ તો મોક્ષનું દાન આપવા જ આવ્યા છે.

અને પછી લોક પાછા બૂમો પાડે, કે 'તો અમારા વ્યવહારનું શું થાય ?' આત્મા જાણ્યા પછી જે બાકી રહ્યો એ બધો વ્યવહાર ગણાય અને વ્યવહાર માટેય પાછું 'જ્ઞાની પુરુષ' પાંચ આજ્ઞા આપે, કે 'ભઈ, આ મારી પાંચ આજ્ઞા પાળજે. જા, તારો વ્યવહારેય શુદ્ધ, અને નિશ્ચયેય શુદ્ધ, અને જોખમદારી બધી અમારી !'

અને મોક્ષ અહીંથી જ વર્તવો જોઈએ. અહીંથી મોક્ષ ના વર્તે તો એ સાચો મોક્ષ નથી. અહીં આગળ 'મને' ભેગા થયા પછી જો મોક્ષ તમને ના વર્તે તો એ 'જ્ઞાની' સાચા નથી ને એ મોક્ષેય સાચો નથી. અહીં જ, આ પાંચમા આરામાં જ મોક્ષ વર્તાવો જોઈએ. અહીં જ આ કોટ-ટોપી સાથે મોક્ષ વર્તાવો જોઈએ. બાકી, ત્યાં તો વર્ત્યાનું

શું ઠેકાણું ? એટલે 'જ્ઞાની પુરુષ' પાસે 'પોતે' કેવી રીતે 'આત્મા' છે, એવું નક્કી કરાવી લેવાનું છે.

## અનાદિથી 'સ્વરૂપ' નિર્ધારમાં જ ભૂલ

**પ્રશ્નકર્તા :** મને એમ લાગે છે કે આત્મસ્વરૂપનો નિર્ણય કરવામાં ઉતાવળ શું કામ કરવી ?

**દાદાશ્રી :** હા, ઉતાવળ કરવાની જરૂર નથી. અહીં તો તમારે જેટલા પ્રશ્નો પૂછવા હોય તેટલા પ્રશ્નો પૂછો, ખુલાસો આપવા અમે તૈયાર છીએ. જે નિર્ણય કરવો હોય તે પણ અહીં થાય એવો છે. પણ તે નિર્ણય પહેલો કરવો, તે વખતે જ ચોકસાઈ કરવાની છે. અને એક ફેરો નિર્ણય કર્યા પછી ચોકસાઈની કંઈ જરૂર રહેતી નથી. એટલે ઉતાવળે નિર્ણય બાંધવાની જરૂર નથી. કારણ કે આ તો અનંત અવતારની ભૂલ ભાંગવાની છે. અનંત અવતારથી જે ભૂલ ભાંગી નથી, તે ભૂલ ભાંગવાની છે અને કઈ ભૂલ થઈ છે અનંત અવતારથી ? અનાદિ કાળથી આત્મસ્વરૂપનો નિર્ણય થવાની ભૂલ થતી આવેલી છે, તે ભાંગવાની છે. એટલે એમાં ઉતાવળ કરવાની હોય જ નહીં ને !

એ આત્મસ્વરૂપ એવું છે કે તમારી દૃષ્ટિમાં આવશે નહીં. હવે તમારું પોતાનું જ્ઞાન અમુક સુધી જાણે છે, તેની આગળ આત્મસ્વરૂપ ઘણું છેટું છે. એટલે તમારું પોતાનું જ્ઞાનેય ત્યાં પહોંચી શકશે નહીં. જ્યાં તમારી દૃષ્ટિ પહોંચતી નથી, જ્યાં તમારું જ્ઞાન પહોંચતું નથી, એવું 'પોતાનું' સ્વરૂપ છે, એ 'આત્મસ્વરૂપ' છે !

એટલે 'હું કોણ છું' એ જાણવું, એ જ પોતાનું સ્વરૂપ છે. અને એ 'જ્ઞાની પુરુષ' એકલા જ 'રિયલાઈઝ' (ભાન) કરાવી આપે. પછી મરવા-જન્મવાનું હોય જ નહીં ને ! પછી મરવાનું તે દેહ મરે, 'પોતાને' મરવાનું નહીં ને એક-બે અવતારમાં મોક્ષ થઈ જાય.

## સહુ સાધનો જ બંધન બન્યા

**પ્રશ્નકર્તા :** આપ એવું સાધન બતાવી શકો કે જેથી આત્મજ્ઞાન થાય ?

**દાદાશ્રી :** સાધન તો ઘણા જાણ્યા છે, પણ જીવ સાધનોમાં જ અટવાઈ રહેલો છે. જે સાધન હોય છે ને, તે સાધનમાં જ લોકોને પછી અભિનિવેશ થઈ જાય છે. કોઈ પણ પ્રકારનો રોગ ના પેસે એવો જાગૃત હોય, 'એલર્ટ' હોય, તો કંઈક આગળ ચાલે. બાકી સાધનોમાં જ અટવાઈ જઈને અભિનિવેશ થઈ જાય છે. એટલે જેમનો છુટકારો થયેલો છે એવા 'જ્ઞાની પુરુષ' મળે તો કંઈ આપણો છુટકારો કરાવડાવે. નહીં તો ત્યાં સુધી સંત પુરુષો પાસે બેસી રહેવાય, તો એના જેવીય મોટી પુણ્યૈ કોઈ નથી. બાકી સંસારના ત્રિવિધ તાપમાંથી શી રીતે છટકે ? છતાં એ સંતો પાણી છાંટ છાંટ કરે છે, તેનાથી ઠંડક રહે.

**પ્રશ્નકર્તા :** છતાં કોઈ પણ સાધનના સહારા વગર આગળ કેવી રીતે વધી શકાય ? કંઈક સાધન તો જોઈએ ને ?

**દાદાશ્રી :** બધા સાધનો જ બંધન થઈ પડ્યા છે. તમને બાંધ્યા છે કોણે ? સાધનોએ જ તમને બાંધ્યા છે. જેટલા જેટલા આ લોકોએ સાધન કર્યાં છે ને, એ સાધનોએ જ એમને બાંધ્યા છે. એટલે આત્મા કઈ રીતે જાણશો ? આત્મા તો પોતે જ વિજ્ઞાન છે. અને તમે જે બધા સાધનો કરો છો, જ્ઞાનના સાધનો કરો છો અને એ જ્ઞાન પણ શુષ્કજ્ઞાન છે. એટલે તમારે એમાં બધું કરવું પડે. અને વિજ્ઞાન તો 'ઈટસેલ્ફ' ક્રિયાકારી હોય, ખુદ જ કામ કર્યા કરે, તમારે કશું નહીં કરવાનું. અને વિજ્ઞાનથી આત્મા જણાય એવો છે. બીજું કોઈ એવું સાધન નથી કે આત્મા જણાય. આ તમને સાધન બતાવ્યું. હવે આ વિજ્ઞાન એ તમે કરી લેશો ?

**પ્રશ્નકર્તા :** ખબર ના પડી, કયું વિજ્ઞાન ?

**દાદાશ્રી :** આત્મવિજ્ઞાન. આત્મવિજ્ઞાન એટલે આત્મા પ્રાપ્ત કરવાનું જે વિજ્ઞાન છે, એ વિજ્ઞાન હોય તો જ આત્મા પ્રાપ્ત થાય એવો છે. નહીં તો આત્મા પ્રાપ્ત કરવાના શાસ્ત્રમાં તો જ્ઞાન નીકળે છે, પણ તે જ્ઞાનથી કંઈ આત્મા પ્રાપ્ત થાય એવો નથી. કારણ કે આત્મા શબ્દરૂપ છે નહીં, કે શાસ્ત્રમાં ઉતરી શકે. એ તો નિઃશબ્દ છે, અવક્તવ્ય છે, અવર્ણનીય છે. બાકી લોકોએ જે કલ્પ્યો છે, તેવો આત્મા છે નહીં. આ તો મનમાં માનીને બેસી રહે ને આખી રાત ને દહાડા કાઢે છે ને અડસટ્ટે ચાલ્યા કરે છે ને અનંત અવતારથી ભટક ભટક કરે છે, પણ અવતાર તો એકુય હજુ ખૂટ્યા નથી !

## ક્રિયા નહીં, ભાન ફેરવવાનું છે

**પ્રશ્નકર્તા :** સંસારની જવાબદારીઓમાં બંધાયેલ માનવી આત્મા કેવી રીતે પામી શકે ?

**દાદાશ્રી :** 'ચંદુલાલ' અને 'આત્મા', બે સાવ તદ્દન જુદા જ છે અને પોતપોતાના જુદા જુદા ગુણધર્મ બતાવે છે. એ જો 'જ્ઞાની' પાસેથી સમજી લેવામાં આવે તો સંસારની જવાબદારીઓ સારી રીતે ચાલી શકે અને 'આ' પણ ચાલી શકે. જ્ઞાનીઓ પણ ખાય-પીએ, નહાય-ધૂએ બધું જ કરે. તમારા જેવી જ ક્રિયાઓ કરે, પણ 'હું કરતો નથી' એ ભાન હોય. અને અજ્ઞાન દશામાં 'હું કરું છું' એ ભાન હોય. એટલે ખાલી ભાનમાં જ ફેર છે.

## એ સમજવાની કોશિશ, ફળશે ખરી ?

**પ્રશ્નકર્તા :** આમ તો હુંય આત્મા સમજવાની જ કોશિશ કરું છું.

**દાદાશ્રી :** એ સમજવાની કોશિશ ક્યારે થશે ? 'તમે' 'ચંદુભાઈ' છો, તો સમજવાની કોશિશ શી રીતે કરશો ? અને ખરેખર 'તમે' ચંદુભાઈ છો જ નહીં. ચંદુભાઈ તો તમારું નામ છે. 'તમે' આ બાબાના 'ફાધર' (પિતા) છો, એ પણ વ્યવહાર છે. અને એ બધું તો અમે કબૂલ કરીએ જ છીએ ને ! એમાં નવી વાત શું છે ? એ તો ઓળખવા માટેનું સાધન છે. એટલે 'તમે કોણ છો', એની તપાસ તો 'જ્ઞાની પુરુષ' પાસેથી કરવી જોઈએ, એનું 'રિયલાઈઝ' કરવું જોઈએ.

તમને તો 'હું ચંદુભાઈ છું', એ ખાતરી જ છે ને ?

**પ્રશ્નકર્તા :** ના, એ તો લોકવાયકાનું નામ છે. બાકી 'હું એક આત્મા છું' બસ, બીજું કંઈ નહીં.

**દાદાશ્રી :** હા, આત્મા છો પણ ચંદુભાઈને ગાળ દે તો એમની ટપાલ તમે લેતા નથી ને ? લઈ લો છો, તો તો તમે ચંદુભાઈ છો. પછી લોકવાયકા ના કહેવાય. ચંદુભાઈને ગાળ દે ને તમે શાની ટપાલ લો છો ? માટે તમે ચંદુભાઈ થયા છો.

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં રહેવા તો બધું કરવું પડે ને !

**દાદાશ્રી :** ના. વ્યવહારમાં રહેવાનું પણ ચંદુભાઈની ટપાલ તમારાથી લેવાય નહીં. એમ કહેવાય કે 'ભાઈ, આ ચંદુભાઈની ટપાલ છે. મને વાંધો નથી. તમારે જેટલી ગાળો દેવી હોય એટલી દો.' પણ આ તો તમે ચંદુભાઈ થઈને રહો છો. ચંદુભાઈના ઈનામ તમારે ખાવા છે અને પછી કહો છો કે 'હું આત્મા છું.' એટલે કંઈ આત્મા થઈ જાય એવું બને ?

## સંસારમાં 'અસંગતા', કૃપાથી પ્રાપ્ત

આ 'તમે આત્મા છો' એવી ખાતરી શી રીતે તમને થઈ ?

**પ્રશ્નકર્તા :** એને માટે આપના જેવા ગુરુ આગળ જઈએ, ત્યાં દેહ અને આત્મા અલગ કેવી રીતે છે, એવો ઉપદેશ બધો સાંભળેલો છે. બાકી

અમે અને તમે, આમાં ઘણો ફરક ને ? અમે એટલે સંસારી, મોહ-માયામાં રહેલા માણસો...

**દાદાશ્રી :** અને અમે ન્હોય સંસારી ? અમેય સંસારી જ છીએ. આ દુનિયામાં જે સંડાસ જાય ને, એ બધાય સંસારી. જેને સંડાસ જવાની જરૂર પડે ને જે સંડાસ ખોળે એ બધા જ સંસારી કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ અમારા જેવાને સંસારમાં રહીને આત્મજ્ઞાન મળે, મોક્ષ થાય, એ કેવું ?

**દાદાશ્રી :** એવું છે ને, સંસાર બે પ્રકારનો છે. ત્યાગી એય સંસાર છે અને ગૃહસ્થી એય સંસાર છે. બન્ને પ્રકારના સંસાર છે. ત્યાગવાળાને 'મારે આનો ત્યાગ છે, આનો ત્યાગ છે' એવું જ્ઞાન વર્તે. અને ગૃહસ્થીઓને 'આ હું લઉં છું, આ હું દઉં છું, આ ગ્રહણ કરવાનું છે' એવું જ્ઞાન એને વર્તે છે. પણ જો આત્મા જાણ્યો તો મોક્ષ થઈ જશે.

**પ્રશ્નકર્તા :** પણ સંસારમાં રહીને, સંસારની ફરજો બજાવતા બજાવતા પણ એનાથી અલિપ્ત રહી શકાય ?

**દાદાશ્રી :** એ જ 'જ્ઞાની પુરુષ'ની પાસે હોય ને ! 'જ્ઞાની પુરુષ'ની પાસે 'વિજ્ઞાન' હોય તે આપે, પછી એનાથી સંસારનુંય થઈ શકે અને આત્માનુંય થઈ શકે. 'જ્ઞાની પુરુષ' પાસે એવું વિજ્ઞાન હોય.

હું તમારી સાથે વાતચીત કરી શકું છું. એટલે સંસારમાંય રહી શકું છું અને હું મારા પોતાનામાંય રહી શકું છું, બેઉ કરી શકું છું. આ સંસારની ક્રિયાઓ બધી કરવાની હોય છે, તેય કરું છું. સંસારમાંય રહેવાય ને આત્મામાંય રહેવાય. જો આત્મા પ્રાપ્ત થયો હોય તો સમકિત એમને થયેલું હોય અને સમકિત એટલે આ સંસારમાં રહીએ છતાં સંસાર અડે નહીં. અને એ 'જ્ઞાની પુરુષ'ની કૃપાથી પ્રાપ્ત થાય.

'જ્ઞાની પુરુષ' પાસે બધું 'વિજ્ઞાન' હોય, એ શાસ્ત્રમાં ના હોય. શાસ્ત્રમાં તો આ બધું છોડે જ છૂટકો થાય.

આવા લોક ભેગા રહેવું ને દહાડા કાઢવા અને કર્મ બંધાય નહીં એવી રીતે રહેવું, તે શી રીતે રહેવું ? તે બધી વિદ્યા હું તમને શીખવાડી દઈશ. લેપાયમાન થાય નહીં, એવી વિદ્યા હું બતાવી દઈશ. નહીં તો આ જગત તો લેપાયમાન જ છે. જેમ કમળ પાણીમાં હોય અને નિર્લેપ રહે છે ને, તેવી રીતે નિર્લેપતા તમને બતાવી દઈશ.

'જ્ઞાની પુરુષ'ની પાસે એવો આત્મા જાણવા બેસે ત્યારે 'જ્ઞાની પુરુષ'ની સામાયિકથી પાપો ભસ્મીભૂત થાય. અને પાપો ભસ્મીભૂત થાય તો જ આત્મા લક્ષમાં બેસે, નહીં તો લક્ષમાં ના બેસે. અને પછી તે લક્ષ નિરંતર રહે, નહીં તો દુનિયાની કોઈ ચીજ નિરંતર યાદ જ ના રહે. થોડીવાર યાદ આવે ને પછી પાછું ભૂલી જવાય. અને આ તો 'જ્ઞાની પુરુષ' પાસે પાપ ધોવાઈ જાય એટલે આત્માનું લક્ષ બેસે.

એટલે જાણવા જેવી ચીજ આ જગતમાં કોઈ પણ હોય તો તે આત્મા છે. અને આત્મા જાણનારા માણસો આ દુનિયામાં ભાગ્યે જ એક કે બે હોય. એટલે કોઈ આત્મા જાણી શકે નહીં. માણસ બીજું બધું જ જાણી શકે, પણ આત્મા જાણી શકે નહીં. અને આત્મા જાણે ને, એને કેવળજ્ઞાનની વાર જ નથી.

હવે એ આત્માને 'જ્ઞાની પુરુષ' પાસેથી જાણે તો આત્મા પ્રાપ્ત થાય, નહીં તો આત્મા કોઈ કાળેય પ્રાપ્ત થાય નહીં. 'જ્ઞાની પુરુષે' આત્મા જોયેલો હોય, જાણેલો હોય, અનુભવેલો હોય અને 'પોતે' 'આત્મા' સ્વરૂપે જ રહેતા હોય. એટલે એવા 'જ્ઞાની પુરુષ' પાસેથી 'પોતે' 'આત્મા' જાણે ત્યારે કામ થાય.

**- જય સચ્ચિદાનંદ**

| Atmagnani Pujya Deepakbhai's Malaysia-Australia-New Zealand Satsang Schedule - 2024 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **Date** | **Day** | **Session** | **From** | **To** | **Venue** | **Contact No. & Email** |
| 12 Sep | Thu | Satsang | 10:30 AM | 12:30 PM | Kalamandapam Hall, 3 Lorong Scott Brickfields, Jalan Scott 50470, **Kuala Lumpur**, **Malaysia** | +60126126035 info@sg.dadabhagwan.org |
| | | | 5:00 PM | 7:00 PM | | |
| 13 Sep | Fri | Satsang | 10:30 AM | 12:30 PM | | |
| | | | 8:00 PM | 10:00 PM | | |
| 14 Sep | Sat | Aptaputra Satsang | 10:30 AM | 12:30 PM | | |
| | | **Gnanvidhi** | 4:30 PM | 7:30 PM | | |
| 19 Sep | Thu | Aptaputra Satsang | 10:30 AM | 12:30 PM | Vasto Club 5 Vasto Place Balcatta, **Perth**, WA 6021, **Australia** | +61425255677 +61416330471 perth@au.dadabhagwan.org |
| | | Satsang | 7:00 PM | 9:00 PM | | |
| 20 Sep | Fri | Aptaputra Satsang | 10:30 AM | 12:30 PM | | |
| | | **Gnanvidhi** | 7:00 PM | 10:00 PM | | |
| 27 Sep | Fri | Satsang | 7:00 PM | 9:30 PM | Sant Nirankari Mission 166 Glendenning Road Glendenning, **Sydney** NSW 2761, **Australia** | +61431083777 +61402179706 sydney@au.dadabhagwan.org |
| 28 Sep | Sat | Aptaputra Satsang | 10:30 AM | 12:30 PM | | |
| | | **Gnanvidhi** | 5:00 PM | 8:30 PM | | |
| 29 Sep | Sun | Satsang | 5:00 PM | 7:00 PM | | |
| 1 Oct | Tue | Satsang | 7:00 PM | 9:00 PM | Western Springs Garden Community Hall, 956 Great North Road, WesternSprings, **Auckland** 1022, **New Zealand** | +64210612379 info@nz.dadabhagwan.org |
| 2 Oct | Wed | Aptaputra Satsang | 11:00 PM | 12:30 PM | | |
| | | **Gnanvidhi** | 5:00 PM | 8:00 PM | | |

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ

**૩૧ ઓક્ટોબર** (ગુરુ) - **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ
**૨ નવેમ્બર** (શનિ) - **નૂતન વર્ષ** નિમિત્તે વિશેષ કાર્યક્રમ
**૨૩ નવેમ્બર** (શનિ) - **સત્સંગ**
**૨૪ નવેમ્બર** (રવિ) - **જ્ઞાનવિધિ**


### વડોદરા

**પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૭મો જન્મજયંતી મહોત્સવ - ૧૦ થી ૧૫ નવેમ્બર ૨૦૨૪**

૧૦-૧૩ નવેમ્બર - સત્સંગ, ૧૪ નવેમ્બર - જન્મજયંતી દિવસ ઉજવણી, ૧૫ નવેમ્બર - જ્ઞાનવિધિ

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮ ; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧ **ભાવનગર :** ૯૩૧૩૮૮૨૨૮૮ ; **અમદાવાદ (દાદા દર્શન) :** ૯૫૭૪૦૦૧૪૪૫ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫
**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## શિકાગો : ગુરુપૂર્ણિમા મહોત્સવ : તા.૧૬ થી ૨૨ જુલાઈ ૨૦૨૪




## લોસ એન્જલસ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૨૭ થી ૩૧ જુલાઈ ૨૦૨૪



સપ્ટેમ્બર ૨૦૨૪
વર્ષ-૩૦, અંક-૧
સળંગ અંક-૩૪૯

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## જ્ઞાની પુરુષ ઓળખાવે વિજ્ઞાન સ્વરૂપ આત્માને !

આત્મા જ્ઞાન-સ્વરૂપ નથી, વિજ્ઞાન-સ્વરૂપ છે. માટે વિજ્ઞાનને જાણો. વીતરાગ વિજ્ઞાન અઘરું નથી, પણ એનાં જ્ઞાતા ને દાતા નથી હોતા. કોઈક ફેરો એવા 'જ્ઞાની પુરુષ' હોય ત્યારે એનો ફોડ પડી જાય. બાકી સહેલામાં સહેલું હોય તો તે વીતરાગ વિજ્ઞાન છે; બીજા બધાં વિજ્ઞાન અઘરાં છે. બીજા વિજ્ઞાન માટે તો 'રિસર્ચ સેન્ટર' કાઢવાં પડે ને બૈરી- છોકરાંને બાર મહિના ભૂલી જાય ત્યારે રિસર્ચ થાય ! અને આ વીતરાગ વિજ્ઞાન તો 'જ્ઞાની પુરુષ' પાસે ગયા એટલે પ્રાપ્ત થઈ જાય, સહજ પ્રાપ્ત થઈ જાય.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.